**સુવિચાર**

ઓછી શકિત લગાડીને વધારે કામ થાય એનું નામ વ્યવસ્થા અને વધારે શકિત વેડફીને ઓછું કામ થાય એ અવ્યવસ્થા.

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૦/૧૧/૨૦૨૩, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.




તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૭૯ આસો વદ-૧૩ વર્ષ : ૧૫ અંક : ૨૭૬

## સમગ્ર ગ્રામ્ય પંથકની જનતા અને પશુ, પક્ષીનાં સુખ, ચેન અને શાંતિને વ્યાપક ખલેલ

# બાબરા અને લાઠી પંથકમાં ''પવનચકકી''નાં લીધે પરેશાની વધી

વીજળી ઉત્પાદન કરી નાણા કમાવવાની લાલચમાં આમ આદમી, પશુ, પક્ષીઓ અને પર્યાવરણની ચિંતા નેવે મુકી દેવાઈ

કેન્દ્ર અને રાજય સરકાર દ્વારા બનાવાયેલી ગાઈડ લાઈનનો પણ અનેક કિસ્સામાં ભંગ થઈ રહ્યો છે

સ્થાનિકથી લઈને ઉચ્ચકક્ષા સુધી સમગ્ર વહીવટીતંત્રની મીઠી નજર મેળવવામાં પવનચકકીનાં સ્થાપકો સફળ રહ્યાં

જનપ્રતિનિધિઓ પણ અકળ કારણોસર જનતાને બદલે પવનચકકી સંચાલકોની કાળજી વધારે લઈ રહ્યા છે



અમરેલી, તા. ૯

બાબરા અને લાઠી પંથકમાં ''પવનચકકી''નાં કારણે ગ્રામ્ય જનતા, ખેડૂત, શ્રમિકો, પક્ષીઓ, પશુઓનાં સુખ, ચેન અને શાંતિને વ્યાપક ખલેલ પહોંચી રહી છે. છાશવારે નાની–મોટી ફરિયાદ, ઘર્ષણ, રજૂઆત થતી હોવા છતાં પણ કુંભકર્ણની નિંદ્રામાં પોઢી ગયેલ વહીવટીતંત્ર જાગતું નથી.

દરમિયાનમાં બાબરાનાં લાલકા ગામેના નાગરિક બોઘાભાઈ રાઠોડ ધ્વારા ૨૭ ઓકટોબરનાં રોજ તેમના ગામે પવનચકકીનાં સંચાલકો ધ્વારા નિયમો વિરૂધ્ધ કામગીરી થતી હોવાની રજૂઆત અધિક કલેકટર સમક્ષ કરેલ અને તટસ્થ તપાસની માંગ કરેલ અને બાદમાં લાલકા ગામે પવનચકકીને લગત કામગીરી બંધ થઈ હતી

ત્યારબાદ ગત મોડી રાત્રીએ સ્થળ પર સિમેન્ટથી ભરેલ ટાંકાઓ આવતા આસપાસનાં તમામ ખેડૂતોએ વિરોધ કર્યો અને પવનચકકીનાં સંચાલકોએ ખેડૂતો સાથે અસભ્ય વર્તન કર્યાનો આક્ષેપ ખેડૂતોએ કર્યો હતો.

બાદમાં પોલીસ કાફલો પણ ઘટના સ્થળે દોડી ગયો હતો અને બાદમાં બોઘાભાઈ રાઠોડ અને જેસીંગભાઈ રાઠોડની અટકાયત કરેલ.

બીજી તરફ ગામની મહિલાઓ, યુવાનોએ પવનચકકીનાં સંચાલકો સામે રોષ વ્યકત કર્યો હતો.

### વ્હેલી સવારે થયેલ માથાકુટમાં અંતે મામલો પોલીસ સુધી પહોંચ્યો

## અંતે બાબરાનાં લાલકા ગામે થયેલ માથાકુટમાં પવનચક્કીનાં સંચાલકે ૨ વ્યકિત વિરૂઘ્ધ ફરિયાદ નોંધાવી

અમરેલી, તા.૯

બાબરાના લાલકા ગામે વ્હેલી સવારે પવન ચકકીના સંચાલકો અને ખેડૂતો વચ્ચે બોલાચાલી થયા બાદ સ્થાનિક પોલીસે પવન ચકકીનાં

**અનુસંધાન પાના ૬ ઉપર**
























### વાઘ બારસનાં દિવસથી દિવાળીનો માહોલ ઉભો થયો

# અમરેલીની મુખ્ય બજારોમાં શહેરીજનો ખરીદી અર્થે ઉમટી પડતાં ટ્રાફિકજામ સર્જાયો

### સીટી પોલીસે મુખ્ય માર્ગો ઉપર મોટા વાહનની પ્રવેશબંધી કરી



અમરેલી, તા. ૯

અમરેલીની મુખ્ય તમામ બજારો ખૂબ જ નાની હોય અને આમ છતાં મુખ્ય માર્ગો ઉપર આડેધડ વાહન પાર્ક કરાતા હોય. દિવાળીનાં તહેવારોને લઈ બજારોમાં લોકો ખરીદી માટે ઉમટી પડતા રસ્તાઓ ટૂંકા પડવા લાગ્યા છે. લોકો પોતાના ફોર વ્હીલ વાહનો પણ મુખ્ય બજારોમાં આડેધડ પાર્ક કરતા હોય લોકો ટ્રાફીકમાં ફસાઈ જાય છે.

ત્યારે આવી કપરી પરિસ્થિતિમાં અમરેલી સીટી પોલીસ સ્ટેશનના સીટી પીઆઈ ડી.કે. વાઘેલાએ ટ્રાફીકની પરિસ્થિતિને પહોંચી વળવા માટે અમરેલીનાં ડો. જીવરાજ મહેતા ચોક, લાયબ્રેરી ચકો, હરી રોડ, ટાવર રોડ સહિતનાં વિસ્તારોમાં મોટા વાહનોને પ્રવેશબંધી ફરમાવી બેરીકેટ મુકી અને માત્ર મુખ્ય બજારોમાં લોકોને ચાલીને જવું પડે જેથી ટ્રાફીક સમસ્યા હળવી કરી છે.

# ગરજ સરીને ગૌવંશ વેરી



(તસ્વીર–અહેવાલ : પ્રતાપ ખુમાણ–સાવરકુંડલા)

આ બળદને વાચા નથી... એટલે અંદરની પીડા વ્યકત કરી શકતો નથી પણ તમે તેની આંખોમાં દ્રષ્ટિ કરશો તો તેની હૈયા વરાળ સ્પષ્ટ અનુભવશો. લાચાર, પરતંત્ર, અસહાય, નિરાધાર, વૃધ્ધાવસ્થા, એક સમય એવો હતો કે, વાવણી સમયે પૂજા થતી, કંકુ ચોખાથી વધાવવામાં આવતા લાપસી... ઘુઘરીના ખોરાક હતા. શિયાળામાં ઠંડી ન લાગે એટલે આખા શરીરે ખોળ પહેરાવતા. સમયનું ચક્ર ફર્યુ... કામ કરતા બંધ થયા. માલીકને બોઝ લાગ્યો... ઘર બહાર તગેડી મુકયા. અમારા માટે તો વૃધ્ધાશ્રમ બન્યા નથી. શિયાળાની ઠંડી હોય કે ઉનાળાનો બળ બળતો બપોર કે ચોમાસાની હેલી... જાહેર રોડ ઉપર જ જિંદગીના બાકી રહેલા દિવસો ગણ્યા કરવાના.

### અમરેલીની સ્પે. પોકસો કોર્ટમાં કેસ ચાલી જતા

# બાબરા પો.સ્ટેશનમાં નોંધાયેલ બળાત્કાર અને અપહરણનાં ગુન્હામાં આરોપીનો નિર્દોષ છુટકારો

### આરોપી તરફે એડવોકેટ ઉદયન ત્રિવેદીની દલીલો સફળ રહી



અમરેલી, તા. ૯

બાબરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ બળાત્કાર અને અપહરણનાં ગુન્હામાં આરોપીને અમરેલીનાં સ્પે.પોકસો કોર્ટનાં જજ વાય.એ. ભાવસારે આરોપી તરફે એડવોકેટ ઉદયન ત્રિવેદીની દલીલોના આધારે નિર્દોષ છોડી મુકવા હુકમ કરેલ છે.

આ બનાવની વિગત એવા પ્રકારની છે કે,આ કામનો બનાવ તા. ૧૫/૮/૨૦૧૭ ના રોજ આ કામના સગીર ભોગ બનનાર સાથે બનેલો અને બનાવનાં સમયગાળા દરમિયાન તેઓને આ કામનાં આરોપી નં.૨ કનૈયાલાલ હરીલાલ હઠીનારાયણએ સગીર ભોગ બનનારનું તા. ૧૫/૮/૨૦૧૭ના રોજ ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી અને આ કામના ફરીયાદીની સગીર વયની દિકરીને ભોળવી, લલચાવી, ફોસવાલી, બદકામ કરવાનાં ઈરાદે તેમની મરજી વિરૂધ્ધ જુદી જુદી જગ્યાએ લઈ ગયેલ, અને ફરીયાદીએ આ કામનાં આરોપીઓ વિરૂધ્ધ ફરીયાદ આપેલી અને ફરીયાદમાં તેમણે જણાવેલ કે આ કામનાં આરોપીઓએ ભોગ બનનારની ઈચ્છા વિરૂધ્ધ તેમનું અપહરણ કરી લઈ ગયેલા અને જુદી જુદી જગ્યાએ બળાત્કાર કરેલો, જે ગુન્હો કરવામાં બને આરોપીઓએ એકબીજાની મદદગારી કરી ગુન્હો કરેલાની ફરીયાદ બાબરા પોલીસ સ્ટેશનમાં આ કામનાં આરોપીઓ વિરૂધ્ધ આપતા આ બાબતનો ગુન્હો બાબરા પોલીસ સ્ટેશનમાં ગુ.રજી.નં.ફર્સ્ટ ૬૯/૨૦૧૭ થી આઈ.પી.સી. ૩૬૩, ૩૬૬, ૩૭૬, ૧૧૪ તથા પોકસો એકટની કલમ–૪, ૮, ૧૮ વિગેરે મુજબનો ગુન્હો નોંધાયેલો, ત્યારબાદ તપાસનાં અંતે આ કામનાં આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ દાખલ કરવામાં આવેલું.

# સાવરકુંડલા પાલિકાનાં કારકુન વસાણીનાં કોઈ ગઠીયો ઓનલાઈન ૭૦ હજાર ગુપચાવી ગયો

સાવરકુંડલા, તા. ૯

દરરોજ અખબારોમાં અને સોશ્યલ મીડિયામાં, ટીવીમાં ઓનલાઈન ફ્રોડથી સાવચેત રહેવા સતત એડ. આવતી રહે છે છતાં ચિટર ગેંગ અવનવા નુસખા અપનાવી, શીશામાં ઉતારી જ દે છે.

આવો જ એક કિસ્સો સાવરકુંડલા નગરપાલિકાના કર્મચારી વસાણી સાથે બની ચૂકયો છે. વસાણીને ધન્યવાદ એટલે આપવા પડે કે તેમણે મીડિયાને સામે ચાલીને પોતાની સાથે થયેલ ફ્રોડ જાહેર કર્યુ. જેનાંથી બીજા કોઈ સાથે આવી જ મોડેસ ઓપરેન્ડી ગઠિયાઓ અપનાવવા જાય તો સફળ ન થાય. કોઈ અજાણ્યા મોં.નં. ૯૯૦૫૦ ૬૮૮૭૯માંથી ફોન આવેલ કે આઈ.સી.આઈ.સી. બેન્કમાંથી તમારા ક્રેડિટ કાર્ડમાં સેટિંગ ફેરવવાનું છે, હું જેમ સૂચના આપુ તે પ્રમાણે એપ ઓપન કરી ચેન્જ કરતા જાવ. ત્યારબાદ ગઠિયાએ વોટ્સ એપમાં લિંક મોકલી તે ઓપન કરતા જ વારાફરતી સીતેર હજાર ઉપડી ગયા..!!

આ બાબતની ફરીયાદ સાયબર ક્રાઈમ બ્રાન્ચ અને ટાઉન પોલીસ સ્ટેશન સાવરકુંડલામાં નોંધાવેલ છે. કોઈપણ અજાણ્યા નંબરમાંથી ફોન આવે તો તરતજ ફોન કાપી, સ્થાનીક જે તે બેન્ક શાખાનો રૂબરૂ જ સંપર્ક સાધવો જેથી વાસ્તવિકતા સમજાય.

### દિવાળીનાં તહેવારો શરૂ થતાં જ

# ધારી તથા ગ્રામ્ય વિસ્તારોમાં અચાનક વરસાદ ખાબકતા ખેતીપાકને નુકસાન

### ગીગાસણ, બોરડી, ગોવિંદપુર, કુબડા પંથકમાં વરસાદ



અમરેલી, તા. ૯

ગુજરાત રાજયમાંથી સત્તાવાર રીતે ચોમાસાએ વિદાય લીધી છે. લોકો આજથી દિવાળીનાં તહેવારની ઉજવણીમાં વ્યસ્ત બન્યા છે. ત્યારે જ અચાનક ધારી તથા આજુબાજુનાં ગામડાઓમાં કમૌસમી વરસાદ પડયાનાં અહેવાલો મળી રહ્યા છે. ત્યારે ખેતી પાકમાં અચાનક પડેલા વરસાદથી નુકસાન થયાનું જાણવા મળેલ છે.

ધારી શહેર તથા ધારી તાલુકાનાં ગીગાસણ, બોરડી, ગોવિંદપુર, કુબડા સહિતનાં આજુબાજુનાં ગામડાઓમાં વરસાદ પડતાં કપાસ, મગફળીનાં પાકોમાં નુકસાન થયાનું જાણવા મળેલ છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમારૂ ઇ–મેઇલ એડ્રેસ
''અમરેલી એક્સપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઇ–મેઇલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
''અમરેલી એક્સપ્રેસ''દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

### એસપીની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચની કામગીરી

# લાઠીનાં ચાવંડ ગામે ૧૫ વર્ષ પહેલા થયેલ ઘરફોડ ચોરીનાં આરોપીની અટકાયત

### પોરબંદર ખાતેથી આરોપી જયેશ ઉર્ફે ભંભોને દબોચી લેવાયો



અમરેલી, તા. ૯

અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ. પટેલની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમ દ્વારા મિલકત વિરૂધ્ધના ગુનાઓ આચરતા અજાણ્યા આરોપી અંગે સઘન તપાસ હાથ ધરવામાં આવેલ અને તા. ૯/૧૧નાં રોજ બાતમી હકિકત તેમજ ટેકનીકલ સોર્સ આધારે પોરબંદરથી જયેશ ઉર્ફે ભંભો શંભુભાઈ ચૌહાણ (રહે. ઘાટવડ, તા. કોડીનાર) વાળા ઈસમને પકડી પાડી, મજકુર ઈસમની સઘન પુછપરછ કરતા તેણે અલગ અલગ જગ્યાથી ચોરી કરેલ હોવાની કબુલાત આપતા, પકડાયેલ આરોપીને આગળની કાર્યવાહી થવા લાઠી પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

આ બનાવની વિગત એવી છે કે, ગત તા. ૧૪/૮/૦૮ ના અરસામાં લાભુબેન જાદવભાઈ નારીયા, (રહે. ચાવંડ, તા. લાઠી) વાળાનાં બંધ રહેણાંક મકાનમાં કોઈ અજાણ્યા ચોર ઈસમે પ્રવેશ કરી, મકાનમાં ગોદરેજના કબાટને ખોલી, તેમાં રહેલ સોનાના દાગીના તથા રોકડ મળી કુલ કિંમત રૂા. ૧,૧૮,૦૦૦ ના મુદ્દામાલની ચોરી કરી નાશી ગયેલ હોય. જે અંગે લાભુબેન દ્વારા ફરિયાદ જાહેર કરતા લાઠી પોલીસ સ્ટેશન આઈ.પી.સી. કલમ ૪૫૪, ૩૮૦ મુજબનો ગુનો દાખલ થયેલ હતો.

અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહે જીલ્લામાં મિલકત સબંધી વણશોધાયેલા ગુન્હાઓ શોધી કાઢી, આવા ગુન્હેગારો પકડી પાડી, ચોરીમાં ગયેલ પુરેપુરો મુદ્દામાલ રીકવર કરી, મુળ માલિકને પરત મળી રહે તે મુજબ અસરકારક કામગીરી કરવા અમરેલી એલ.સી.બી. ટીમને માર્ગદર્શન આપેલ હોય. જે અન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ. પટેલની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમ દ્વારા મિલકત વિરૂધ્ધના ગુનાઓ આચરતા અજાણ્યા આરોપી અંગે સઘન તપાસ હાથ ધરવામાં આવેલ અને તા. ૯/૧૧નાં રોજ બાતમી હકિકત તેમજ ટેકનીકલ સોર્સ આધારે પોરબંદરથી જયેશ ઉર્ફે ભંભો શંભુભાઈ ચૌહાણ (રહે. ઘાટવડ, તા. કોડીનાર) વાળા ઈસમને પકડી પાડી, મજકુર ઈસમની સઘન પુછપરછ કરતા તેને અલગ અલગ જગ્યાથી ચોરી કરેલ હોવાની કબુલાત આપતા, પકડાયેલ આરોપીને આગળની કાર્યવાહી થવા લાઠી પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

ઝડપાયેલા આરોપી જયેશ ઉર્ફે ભંભો શંભુભાઈ ચૌહાણની પુછપરછ દરમિયાન જાણવા મળેલ વિગત મુજબ સને ૨૦૦૮માં આરોપી જયેશ ઉર્ફે ભંભો શંભુભાઈ ચૌહાણ પોતે સાવરકુંડલા રહીને મજુરી કામ તથા કટલેરીના સામાનની ફેરી કરી, વેચાણ કરતો હોય અને કટલેરીના સામાનનું વેચાણ કરવા લાઠી તાલુકાના ચાવંડ ગામે આવેલ. તે દરમિયાન એક પ્લોટમાં બંધ મકાન હોય, તેની બાજુમાં ઈંટોનો ઢગલો પડેલ હોય, જે ઈંટો ઉપર ચડી, મકાનની દિવાલ ઉપર ચડી મકાનમાં પ્રવેશ કરી, અંદરનો દરવાજો બંધ કરી, રૂમના કબાટના ખાના ખોલી ત્રણ સોનાના ચેઈન તથા એક સોનાનો હાર તથા બે સોનાની વીટી તથા આશરે રોકડ આઠેક હજારની ચોરી કરી ઘરે જતો રહેલ હોવાની હકિકત જણાવેલ છે.

પકડાયેલ આરોપી જયેશ ઉર્ફે ભંભો શંભુભાઈ ચૌહાણ મોરબી તાલુકા પોલીસ સ્ટેશન, ગઢડા પોલીસ સ્ટેશન, કાલાવડ પોલીસ સ્ટેશન, જુનાગઢ તાલુકા પોલીસ સ્ટેશન, કલ્યાણપુર પોલીસ સ્ટેશન, કોડીનાર પોલીસ સ્ટેશનમાં અલગ અલગ ગુનામાં અગાઉ હવાલાતની હવા ખાઈ ચુકયો છે.

# લીલીયા ખાતે લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી) નાં સહયોગથી નેત્રયજ્ઞ યોજાયો






લાયન્સ કલબ ઈન્ટરનેશનલના મહત્વના પ્રોજેકટ અંધત્વ નિવારણ હેઠળ લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી) અને ઉમિયા માતાજી મંદિર ટ્રસ્ટ લીલીયા મોટાના ઉપક્રમે તેમજ સુદર્શન નેત્રાલય અને રમાબેન અનિલભાઈ પારેખ પરિવાર મુંબઈના આર્થિક સહયોગથી વિનામૂલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ ઉમિયા માતાજી મંદિર ઉમિયાધામ લીલીયા મોટા મુકામે તા.૯/૧૧/૨૦૨૩ને ગુરૂવાર સવારે ૯ કલાકે આયોજીત કરવામાં આવેલ હતો. આ નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પનું દિપ પ્રાગટય ઉમિયા માતાજી મંદિર ટ્રસ્ટ લીલીયા મોટાના પ્રમુખ બાબુભાઈ ધામત દ્વારા કરવામાં આવેલ હતું અને તેઓએ લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી)ને અંધત્વ નિવારણ અંગેની પ્રશંસનીય કામગીરીને બિરદાવી હતી અને આ કેમ્પનો વધુમાં વધુ દર્દીઓએ લાભ લેવા અપીલ કરી હતી.આ કેમ્પમાં આંખના તમામ રોગોની તપાસ આંખના નિષ્ણાત ડોકટર દર્શિતભાઈ ગોસાઈ અને તેની ટીમ દ્વારા કરવામાં આવેલ હતી.જરૂરિયાતમંદ દર્દીઓને સુદર્શન નેત્રાલય અમરેલીમાં લાવીને મોતિયાના ટાંકા વગરના ઓપરેશન કરી નેત્રમણી બેસાડી આપેલ છે. નેત્રજાળવણી અને જાગૃતિ અંગેની ૩,૦૦૦ પત્રિકાનું વિતરણ કરવામાં આવેલ હતું. આ કેમ્પમાં ૧૫૨ આંખરોગના દર્દીઓએ લાભ લીધો હતો અને ૨૫ દર્દીઓને નેત્રમણી આરોપણ કરવામાં આવેલ હતું.દરેક દર્દીઓના બ્લડ પ્રેશર તેમજ બ્લડ સુગર ચકાસવામાં આવેલ હતા.આ ઉપરાત જરૂરિયાતમંદ વ્યકિતઓની આંખના નજીક તથા દુરના નંબરની તપાસ કરી કેમ્પ સ્થળ ઉપર નંબર પ્રમાણે રાહતભાવે ચશ્મા બનાવી આપવામાં આવેલ હતા. આ કેમ્પને સફળ બનાવવા માટે લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી) તરફથી પ્રમુખ લાયન કિશોરભાઈ રમેશભાઈ ગોલ, લાયન વિનોદભાઈ આદ્રોજા, લાયનસાહસભાઈ ઉપાધ્યાય, ઉમિયામાતાજી મંદિર ટ્રસ્ટના પ્રમુખ બાબુભાઈ ધામત, ઉપપ્રમુખ મનસુખભાઈ ગાંગડીયા, મંત્રી બટુકભાઈ સોળીયા, ટ્રસ્ટી ગોબરભાઈ ધામત, શાંતિભાઈ ધામત, મુકેશભાઈ શેખલીયા, વશરામભાઈ ધામત, મગનભાઈ ધામત, હિંમતભાઈ ધામત, પ્રવિણભાઈ શેખલીયા, રાજુભાઈ ધામત, તેમજ સુદર્શન નેત્રાલય તરફથી કિર્તિભાઈ ભટ્ટ,નિલેશભાઈ ભીલ, હિંમતભાઈ કાછડીયા અને તેમનીટીમ અને દુષ્યંતભાઈ પારેખ,અનિલભાઈ પારેખ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી. તેમ લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી) ના સેકેટરી લાયન ઋજુલભાઈ ગોંડલીયાની યાદી જણાવે છે.

### કૃષિમંત્રી રાઘવજીભાઈ પટેલે

# અમરેલીમાં શાંતાબા સિવિલ હોસ્પિટલ ખાતે નવનિર્મિત સુવિધાઓની જાણકારી મેળવી

**નવનિર્મિત ભવનમાં અદ્યતન ઓપરેશન થિયેટર સહિતની સુવિધાઓ વિશે માહિતિ મેળવતા કૃષિ મંત્રી**





અમરેલી, તા.૦૯

અમરેલી જિલ્લાની મુલાકાતે પધારેલા કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલે ગુરૂવારે અમરેલી સ્થિત શાંતાબા મેડિકલ કોલેજ અને સિવિલ હાસ્પિટલ ખાતે નિર્માણ પામેલા નવા ભવનમાં તૈયાર થયેલી નવિન તબીબી સુવિધાઓની મુલાકાત કરી માહિતી મેળવી હતી. આ વેળાએ તેમણે નવ નિર્મિત આઈ.સી.યુ, વિવિધ વિભાગના ઓપરેશન થિયેટરની મુલાકાત કરી હતી.

અમરેલીના નાગરિકોને પૂરતી આરોગ્યલક્ષી સુવિધાઓ મળી રહેશે તેવી લાગણી તેમણે વ્યક્ત કરી હતી. આ મુલાકાત વેળાએ સાંસદ નારણભાઈ કાછડિયા, નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા, હોસ્પિટલના સંચાલક મંડળના ટ્રસ્ટીગણ, અધિકારીઓ, આર.એમ.ઓ. ડો.સતાણી, ટ્રસ્ટ વતી ચતુરભાઈ ખૂંટ, ભરતભાઈ ધડુક સહિતના સંચાલક મંડળના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ગુજરાતમાં ભેળસેળિયા તત્વો બેફામ બન્યા

# ભેળસેળિયાઓનો રિપોર્ટ આવે ત્યાં સુધીમાં લાખોનો વેપાર થયો

**લોકોના આરોગ્ય સાથે ચેડા થાય તો તેના માટે જવાબદાર કોણ તેવો સવાલ થઈ રહ્યો છે બીજી તરફ ફૂડ સેફ્ટી ઓન વ્હીલ લેબ છે જે ધૂળ ખાઈ રહી છે**

ગાંધીનગર, તા.૯

ગુજરાતમાં ભેળસેળિયા તત્વો બેફામ બની ગયા છે તહેવારોની મોસમમાં નકલી અને ભેળસેળ નું હબ બની ચૂકેલા ગુજરાતમાં લાલચી વેપારીઓ અને ઉત્પાદકો સામે કડક હાથે કામ લેવા ફૂડ સેફટી અને સ્ટાન્ડર્ડ ઓર્થો ઈન્ડિયા સૂચના આપી છે પરિણામે રાજયના ફુડ વિભાગના અધિકારીઓ કામે લાગી ગયા છે દિવાળીના તહેવારો નજીક આવી રહ્યા છે ત્યારે નકલી ઘી નકલી, નકલી હળદર, નકલી માવો, નકલી મરચાનો જથ્થો પકડવાની સાથે મિલાવટી ખાદ્ય પદાર્થોના નમુના લેબોરેટરીમાં મોકલ્યા બાદ ૧૪થી ૧૫ દિવસે પરિણામો આવે છે. જોકે, ત્યાં સુધીમાં તો મીઠાઈ હોય કે ફરસાણ તેનો લાખોનો વેપાર થઈ જાય છે,જયારે રાજય સરકાર દવારા કરોડોના ખર્ચ વસાવેલી ફૂડ ટેસ્ટિંગ લેબોરેટરી ઓન વ્હીલ ઉપયોગ થતો નથી. આ તમામ વાહનો સરકારી કચેરી સામે ધૂળ ખાઈ રહ્યા છે.

કેન્દ્રીય એજન્સી દ્વારા લોટ, મીઠાઈ, દૂધ ,દૂધની બનાવટો તળેલા ફરસાણ ઘી અને પનીર જેવી ચીજોમાં થતી ભેળસેળ રોકવા વિશિષ્ટ ડ્રાઈવ શરૂ કરવાની રાજયોને સૂચના આપી હતી, પરિણામે ગુજરાત રાજયના ખોરાક અને ઔષધ નિયમન તંત્ર પાસે સ્ટાફની કમી હોવાથી રાજયભરમાં છાપા મારી શકાતા નથી.

એજન્સીએ રાજયભર માંથી છૂટક મીઠાઈ પર ફરજિયાત તારીખ લખવાનું આદેશ કર્યો છે રાજય સરકારે એવા વેપારી કે ઉત્પાદકો જે તારીખો નથી લખતા તેમની સામે કડક હાથે કામ લેવા જણાવ્યું છે.

દિવાળીના તહેવાર દરમિયાન તેનો ઉપયોગ કરીને ઓન ધ સ્પોટ નમૂના લેવામાં આવે તો ભેળસેળિયા તત્વોને નાથી શકાય લોકોને અખાદ્ય પદાર્થોથી બચાવી શકાય તેમ છે પણ એવું થતું નથી.

રાજય સરકાર દ્વારા ચલાવવામાં આવેલી ડ્રાઈવ દરમ્યાન ઘી, તેલ સહિતના પદાર્થના નમુના લઈને વડોદરા સ્થિત લેબોરેટરીમાં મોકલાય છે આ નમૂનાનું પરિણામ ૧૪ દિવસ પછી આવે છે. ઘણી વખત એકાદ મહિના સુધીનો સમય પણ વીતી જાય છે. એ દરમિયાન મીઠાઈ ફરસાણનો લાખોમાં વેપાર થઈ જાય છે.

લોકો મીઠાઈ અને ફરસાણ આરોગી પણ જાય છે, પરિણામે આરોગ્ય પર મોટો ખતરો ઊભો થાય છે

### લોકોનો ધસારો થતાં તેને પહોંચી વળવા એસટી વિભાગ દ્વારા નિર્ણય લેવાયો

# દિવાળીના તહેવારોને અનુલક્ષીને વડોદરાથી વધારાની એસટી બસો દોડાવવાનું આયોજન

**તા.૧૧ થી ૧૪ સુધી તહેવારોના દિવસો હોવાથી ૪૫ માંથી ૮૫ વધારાની બસ દોડાવવા આયોજન કરાયું છે**

વડોદરા, તા.૯

દિવાળીના તહેવારોને અનુલક્ષીને બહારગામ વતનમાં પોતાના સ્વજનો સાથે દિવાળીની ઉજવણી કરવા લોકો એ એસટી બસો દ્વારા જવાની શરૂઆત કરી દીધી છે, અને સેન્ટ્રલ એસ.ટી બસ સ્ટેશન પર લોકોનો ધસારો થતાં તેને પહોંચી વળવા એસટી વિભાગ દ્વારા વધારાની એસટી બસો દોડાવવાની શરૂઆત કરી છે. વડોદરા થી અમદાવાદ, દાહોદ, ગોધરા, છોટાઉદેપુર, લુણાવાડા તેમજ ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર તરફ જવા લોકોનો ઘસારો વધુ હોય છે. જેને ધ્યાનમાં રાખીને તારીખ ૧૦ સુધી વડોદરા બસ સ્ટેશનથી વધારાની ૪૫ બસ દોડાવવાનું આયોજન કર્યું છે. આમ તો રોજની ૮૫ બસ દોડે છે એ ઉપરાંત આ વધારાની બસ છે .

તારીખ ૧૧ થી ૧૪ સુધી તહેવારોના દિવસો હોવાથી ૪૫ માંથી ૮૫ વધારાની બસ દોડાવવા આયોજન કરાયું છે. જેથી કરીને મુસાફરોના ધસારાને પહોંચી વળી શકાય. તહેવાર પૂરો થયા બાદ તારીખ ૧૫ થી ૧૯ સુધી ટ્રાફિક થોડો ઓછો થશે છતાં પણ વધુ ૪૫ બસ ચાલુ રાખવામાં આવશે.

એસ. ટી વિભાગ દ્વારા જે શિડયુલ એસટી બસો છે તેમાં ઓનલાઈન બુકિંગ સિસ્ટમ છે, પરંતુ વધારાની જે એસટી બસો દોડાવવાની છે તેમાં ઓનલાઈન બુકિંગ સિસ્ટમ રાખી નથી.

# દિવાળીનાં તહેવારો માણવા લોકોએ વતનની વાટ પકડી

રાજકોટ, તા.૯

આજથી રાજકોટ સહિત સર્વત્ર દિવાળીના તહેવારોનો માહોલ છવાયો છે. સર્વત્ર ફેસ્ટિવલ મૂડ નજરે પડવા લાગ્યો છે. ખાસ કરીને તહેવારોમાં વતન જવા માગતા લોકોનો ભારે ધસારો બસ સ્ટેશનો ઉપર પણ દેખાવા લાગ્યો છે.

આજરોજ સવારથી રાજકોટ એસટી બસપોર્ટ અને રાજકોટ ડિવિઝનના ૯ ડેપો પર મુસાફરોની ભીડ જોવા મળી હતી. આજથી એસટી વિભાગ દ્વારા ૧૫૦ જેટલી એકસ્ટ્રા બસો શરૂ કરવામાં આવનાર છે. લોકોની ભીડમાં વધારો થતાં મોટાભાગની બસોનાં બુકિંગ ફૂલ થયા હતા. ૫૦ કરતા વધારે મુસાફરો કોઈ સ્થળે જવા ઈચ્છશે તો એકસ્ટ્રા બસ મૂકવાની તૈયારી એસટી વિભાગ દ્વારા દર્શાવવામાં આવી છે.

### નેતા કેશુભાઈ જાદવના ઘરે રૂ.૨૧ લાખની ચોરી

# ગીર સોમનાથમાં ભાજપ નેતાને ત્યાં ઘરના તાળા તૂટ્યા

**તસ્કરો રૂપિયા ૬ લાખ રોકડા અને રૂપિયા ૧૫ લાખના દાગીનાની ચોરી કરી પલાયન થઈ ગયા હતા**

ગીર સોમનાથ, તા.૯

રાજયમાં અનેકવાર ચોરીની ઘટનાઓ સામે આવતી હોય છે, જેમાં તસ્કરો નેતાઓના ઘરને પણ નિશાન બનાવી રહ્યા છે.

આ અગાઉ અરવલ્લીમાં એક નેતાના ઘરે ચોરી બાદ હવે ગીર સોમનાથ ભાજપ નેતાના ઘરે ચોરીની ઘટના સામે આવતા ખળભળાટ મચી ગયો છે. વિગતો મુજબ તસ્કરોએ ભાજપ નેતાના ઘરને નિશાન બનાવીને રૂ.૨૧ લાખની ચોરી કરી હોવાનું સામે આવ્યું છે. ગીર સોમનાથના સૂત્રાપાડાના પસનાવાડા ગામમાં ભાજપ નેતાના ઘરે ચોરીની ઘટના બની છે. માહિતી મુજબ ભાજપ નેતા નેતા કેશુભાઈ જાદવના ઘરે રૂ.૨૧ લાખની ચોરી થઈ છે. અજાણ્યા તસ્કરોએ મકાનનું લોકર તોડી ચોરીને અંજામ આપ્યો હતો. જેમાં તસ્કરો રૂ,૬ લાખ રોકડા અને રૂ.૧૫ લાખના દાગીનાની ચોરી કરી પલાયન થઈ રહ્યા હતા. કેશુભાઈ જાદવ જિ.પંના બાંધકામ સમિતિના ચેરમેન રહી ચુક્યા છે. આ તરફ હવે ચોરીને લઈ સુત્રાપાડા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### તેડાગરની ભરતીને લઇ મોટા સમાચાર સામે આવ્યા

# ગુજરાત સરકારે આંગણવાડીમાં મોટી ભરતીની જાહેરાત કરી

**આંગણવાડી કાર્યકરને ૧૦ હજાર તો આંગણવાડી તેડાગરને ૫૫૦૦ રૂપિયાનું મળશે વેતન**

અમદાવાદ, તા.૯

રાજયમાં આંગણવાડીમાં કાર્યકર અને તેડાગરની ભરતીને લઈ મોટા સમાચાર સામે આવ્યા છે. જે અનુસાર રાજયમાં ૧૦,૦૦૦ થી વધુ જગ્યાઓ માટે અરજી મંગાવવામાં આવી રહી છે. એટલે કે ૧૦,૦૦૦ થી વધુ જગ્યા ભરવામાં આવશે અને આ અંગે ઓનલાઈન અરજી કરવાની શરૂઆત આજે ૮ નવેમ્બર રાત્રે ૧૨:૦૦ વાગ્યાથી શરૂ થવા જઈ રહી છે જે ૩૦ નવેમ્બર સુધી કરી શકાશે.રાજયમાં ૫૩૦૦૦ આંગણવાડી આવેલી છે.

જેમાં વર્ષે કુલ દસ હજારથી વધુ ભરતી થશે. સરકારના સ્ત્રી અને બાળ વિકાસ વિભાગ દ્વારા આંગણવાડીમાં સુપરવાઈઝર સહાયક સહિતનાઓની અરજી મંગાવવામાં આવી રહી છે રાજય સરકાર દ્વારા જાહેર કરાયેલ ભરતી અનુસાર વાત કરવામાં આવે તો આંગણવાડી કાર્યકર ની ૩૦૦૦ જગ્યાઓ અને ૭૦૦૦ જગ્યાઓ પણ આંગણવાડી તેડાગરની ભરતી કરવામાં આવશે. જેની અરજી https://e-hrms.gujarat.gov.in/ વેબ સાઈટ પર મંગાવાઈ રહી છે.

અરજીપત્ર, અભ્યાસ અંગેના પ્રમાણપત્ર, ઉંમરનું સર્ટિફીકેટ, જાતિનો દાખલો, પાસપોર્ટ સાઈઝનો ફોટો સહિતના દસ્તાવેજો ફરજિયાત કરાયા છે.

### ભાજપના નેતા કેન્સરથી પિડાતા હતા

# ભાજપના વરિષ્ઠ નેતા આશુતોષ ટંડનનું લાંબી માંદગી બાદ નિધન

**ટંડન હાલમાં લખનૌ પૂર્વીય બેઠકના ધારાસભ્ય હતા**



લખનૌ, તા.૯

લખનૌમાં બીજેપીના વરિષ્ઠ નેતા અને પૂર્વ મંત્રી આશુતોષ ટંડનનું નિધન થઈ ગયુ છે. આશુતોષ ટંડન લખનૌ પૂર્વી બેઠક પરથી ધારાસભ્ય હતા. તેઓ લાંબા સમયથી બીમાર હતા અને મેદાંતા હોસ્પિટલમાં તેમની સારવાર ચાલી રહી હતી. આશુતોષ ટંડન કેન્સરની બીમારીથી પાડિત હતા. તેમના નિધનથી પાર્ટીમાં શોકનું મોજુ ફરી વળ્યુ છે.

આશુતોષ ટંડન લખનૌના સાંસદ લાલજી ટંડનના પુત્ર હતા. તેઓ ઘણા સમયથી બીમાર હતા. તેમને આઈસીયુમાં ઓક્સિજન સપોર્ટ પર રાખવામાં આવ્યા હતા.

આશુતોષ ટંડન હાલમાં લખનૌ પૂર્વી બેઠક પરથી ભાજપના ધારાસભ્ય હતા. આ પહેલા તેઓ યુપી સરકારમાં મંત્રી પણ રહી ચુક્યા છે.

ટંડનના નિધન પર સીએમ યોગીએ શોક વ્યક્ત કર્યો છે. તેમણે ઠ પર લખ્યું કે, પૂર્વ મંત્રી અને લખનૌ(પૂર્વ)ના ધારાસભ્ય આશુતોષ ટંડન 'ગોપાલજી'નું નિધન અત્યંત દુઃખદ છે. એક લોકપ્રિય, મહેનતુ રાજકારણી તરીકે તેઓ હંમેશા યાદ રહેશે. ભગવાન શ્રી રામ દિવંગત આત્માને તેમના ચરણોમાં સ્થાન આપે અને શોકગ્રસ્ત પરિવારજનોને આ અપાર દુઃખ સહન કરવાની શક્તિ આપે એવી પ્રાર્થના. આશુતોષ ટંડનને લોકો 'ગોપાલ જી' ટંડન તરીકે પણ ઓળખતા હતા. લાલજી ટંડનના પુત્ર આશુતોષે લખનૌ યુનિવર્સિટીમાંથી અભ્યાસ કર્યો છે. તેઓ ૨૦૧૩માં લખનૌ પૂર્વ બેઠક પરથી પેટાચૂંટણી જીતીને વિધાનસભા પહોંચ્યા હતા. આ પહેલા વર્ષ ૨૦૧૨માં થયેલી ચૂંટણીમાં તેઓ લખનૌ ઉત્તર વિધાનસભા મતવિસ્તારમાંથી ચૂંટણી લડ્યા હતા પરંતુ ત્યારે તેમને હારનો સામનો કરવો પડ્યો હતો.


યોગી સરકારના પ્રથમ કાર્યકાળ દરમિયાન ટંડન પાસે શહેરી વિકાસ, રોજગાર અને ગરીબી નિવારણ જેવા અનેક મોટા મંત્રાલયોની જવાબદારી હતી.

વર્ષ ૨૦૨૨માં યોજાયેલી વિધાનસભા ચૂંટણીમાં તેઓ ત્રીજી વખત લખનૌથી ધારાસભ્ય બન્યા હતા.

### દુકાને બેઠા હોય એક મિનિટમાં પ્રાણ પંખેરૂ ઉડી ગયું

# ચલાલાના રઘુવંશી સમાજનાં અગ્રણી પ્રફુલચંદ્ર(પપ્પુભાઈ) સેંજપાલનું નિધન

**મોટી સંખ્યામાં આગેવાનોએ શ્રદ્ધાંજલિ પાઠવી**




ચલાલા, તા.૯

ચલાલામા આજે સાંજે ચલાલા લોહણા સમાજનાં શ્રેષ્ઠી, મળ તાવીયા અને મત્યાળું સ્વભાવનાં પ્રફુલચંદ્ર ( પપ્પુભાઈ) નાગજીભાઈ સેંજપાલ તે મયુરભાઈ સેંજપાલ (સુરત) ધગલભાઈ સેંજપાલ (ચલાલા જલારામ યુવક મંડળ અગ્રણી) અને હિરેનભાઈ સેજપાલ (વેરાવળ)ના પિતાશ્રી તેમની ઉજાલા ઈમીટેશનની દુકાને બેઠા હતા. ગ્રાહકને સમજાવતા હતા અને સાંજનાં ૫ કલાકે જોરદાર એટેક આવતા એક જ મિનિટમાં સ્થળ પર જ પ્રાણ વહીજતા મૃત્યું પામ્યા હતા.

અવસાનના સમાચાર મળતા જ રઘુવંશી સમાજનાં આગેવાનો અને ધગલભાઈ સેંજપાલના મિત્રો મોટી સંખ્યામાં તેઓના નિવાસ્થાને એકઠા થઈ ગયા હતા. અને સેંજપાલ પરિવારનાં દુઃખમાં સહભાગી બની સાંત્વના પાઠવી હતી. સદગતની અંતિમયાત્રા સવારે ૮ કલાકે સદગતના નિવાસ્થાને હવેલી રોડે ચલાલાથી રાખેલ છે.

# ફિલીપીન્સ નેશનલ ઈન્ટરનેશનલ ખાતે સહકારી આગેવાનોની મુલાકાત લેતા યુવા નેતા મનીષ સંઘાણી





અમરેલી, તા.૯

ફિલીપીન્સના મનિલા શહેર ખાતે એન.સી.યુ.આઈ.નાં અધ્યક્ષ દિલીપભાઈ સંઘાણી સહીત ભારત દેશના દિગ્ગજ સહકારી અગ્રણીઓ સાથે ઈન્ટરનેશનલ કો ઓપરેટીવ એલાઈન્સ દ્વારા આયોજીત સહકારી બેઠકની પૂર્વ સંધ્યાએ ઈન્ટરનેશનલ કો. ઓપરેટીવ એલાઈન્સ (ICA) નાં અધ્યક્ષ એરિયલ ગુઆર્કો જી, ઈન્ટરનેશનલ કો.ઓપરેટીવ એલાઈન્સ (ICA)નાં ઉપાધ્યક્ષ અલેરિઝા જી, ઈન્ટરનેશનલ કો ઓપરેટીવ એલાઈન્સ (ICA)નાં મહીલા ચેરપર્ચન ચિતોઝ અરાઈ જી અને નેપાળ સહકારી સંઘ ના અધ્યક્ષ મીન રાજ કડેલ જી વિવિધ નેશનલ ઈન્ટરનેશનલ સહકારી આગેવાનીની શુભેચ્છા મુલાકાત અમરેલી જીલ્લા સહકારી સંઘના અધ્યક્ષ મનીષ સંઘાણીએ કરી હતી ત્યારે ભારત દેશની અને વિશ્વની સહકારી ગતિવિધિ ઓ વિષે ચર્ચાઓ કરી હતી.

### ભારતનાં ચૂટણીપંચ દ્વારા મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ

# અમરેલી જિલ્લામાં આગામી તા.૯ ડિસે. સુધી યોજાશે મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા

**જિલ્લામાં સમાવિષ્ટ ૧,૩૭૧ મતદાન મથકોએ BLO (બુથ લેવલ અધિકારી)ઓ ઉપસ્થિત રહેશે**

અમરેલી તા.૯

ભારતના ચૂંટણીપંચ દ્વારા તા.૦૧.૦૧.૨૦૨૪ની લાયકાતની તારીખના સંદર્ભમાં મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ ૨૦૨૪ જાહેર કરવામાં આવ્યો છે.

તા.૨૭.૧૦.૨૦૨૩ (શુક્રવાર)થી શઢ થયેલા આ અભિયાન આગામી તા.૦૯ ડિસેમ્બર, ૨૦૨૩ (શનિવાર) સુધી નક્કી કરવામાં આવ્યું છે. તા.૦૧.૦૧.૨૦૨૪ની સ્થિતિએ લાયકાત ધરાવતા ભારતના નાગરિકો મતદારયાદીમાં પોતાના નામની નોંધણી કરાવી શકશે તેમજ મતદારયાદીમાં નામ ધરાવતા મતદારો પોતાની વિગતોમાં સુધારા કરાવી શકશે. આગામી તા. ૨૬.૧૧.૨૦૨૩(રવિવાર), તા.૦૨.૧૨.૨૦૨૩ (શનિવાર) તથા તા.૦૩.૧૨.૨૦૨૩ (રવિવાર)ના રોજ ખાસ ઝુંબેશના દિવસો રહેશે.

આ ખાસ ઝુંબેશના દિવસો દરમિયાન જિલ્લામાં સમાવિષ્ટ ૧,૩૭૧ મતદાન મથકો ખાતે બુથ લેવલ અધિકારીઓ સવારે ૧૦.૦૦ કલાક થી સાંજે ૦૫.૦૦ કલાક સુધી ઉપસ્થિત રહી મતદારયાદીમાં નામ નોંધણી સુધારા/કમી માટેનો ફોર્મ્સ સ્વીકારશે.

જિલ્લામાં વસવાટ કરતા દેશના યુવા નાગરિકો વધુમાં વધુ મતદારયાદીમાં પોતાના નામની નોંધણી કરાવે તે માટે જિલ્લા ચૂંટણી અધિકારી–વ કલેકટરશ્રી, અમરેલી તરફથી જાહેર અપીલ કરવામાં આવે છે. ભારતના ચૂંટણીપંચ દ્વારા નિયત કરવામાં આવેલ વિવિધ પ્લેટફોર્મ મારફત નાગરિકો ઓનલાઈન ફોર્મ ભરી શકશે. જેવા કે Voter Helpline mobile App, (Andoroid|OS https:// voterportal. eci .gov.in/ BLO મારફત વધુ માહિતી માટે મતદારો ભારતના ચૂંટણીપંચના મતદાર હેલ્પલાઈન નંબર (ટોલ ફ્રી) ૧૯૫૦ પર સંપર્ક કરી માર્ગદર્શન મેળવી શકશે, તેમ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી અમરેલીએ એક યાદીમાં જણાવ્યું છે.

### સોશ્યલ મીડીયામાં વાયરલ થયેલ વીડીયોની ખરાઈ કરી

# નવા બંદર 'મરીન પોલીસે' જાહેરમાં દારૂની મહેફીલ માણતા ઈસમોને ગણતરીની કલાકોમાં ઝડપી લીધા

ઉના, તા.૯


ગીર સોમનાથ પોલીસ અધિક્ષક મનોહરસિહ જાડેજા, મદદનીશ પોલીસ અધિક્ષક જીતેન્દ્ર અગ્રવાલ ઉના વિભાગ, સર્કલ પો.ઈન્સ. એમ.યુ.મસી તાલાલાનાઓએ દિવાળીના તહેવાર સબબ સોશ્યલ પર નજર રાખી ગે.કા.જણાય આવ્યે કાયદેસરની કાર્યવાહી કરવા સુચના કરેલ હોય જે અનુસંધાને નવાબંદર મરીન પો.સ્ટે.ના.પો.સબ ઈન્સ. એ.બી.વોરા.ના માર્ગદર્શન હેઠળ નવાબંદર મરીન પો.સ્ટે.ના સર્વેલન્સ સ્કોડના એ.એસ.આઈ.જોરૂભા નારણભા મકવાણા, પો.હેડ કોન્સ.ગોવિંદસિહ મહિપતસિંહ વાળા, પો.કોન્સ. નાનજીભાઈ સાર્દુળભાઈ ચારણીયા, પો.કોન્સ. વિજયભાઈ દુદાભાઈ ચૌહાણ, પો.કોન્સ. જશપાલભાઈ નોંધણભાઈ ડોડીયા, પો.કોન્સ. સહદેવસિંહ જેઠીજી ચુડાસમા સહિતના સ્ટાફ દ્વારા સોશ્યલ મીડીયામા પર સતત વોચ રાખતા વાંસોજ ગામે જન્મ દિવસની પાર્ટીમા ૭ જેટલા ઈસમો જાહેરમાં ચોકમા નાચતા નાચતા બીયરની કાચની બોટલ લાવી પાસે રાખી તેને હલાવી બોટલમા પ્રવાહી ઉડાવી મહેફિલ જેવો માહોલ ઉભો કરેલ હોય જેનો વીડીયો સોશ્યલ મીડીયામા વાયરલ થતા વીડીયોમા દારૂની મહેફીલ માણતા ઈસમોની પોલીસે ખરાઈ કરતા સુરજ ઉર્ફે સુરેશ દિનેશભાઈ રહે.વાંસોજ, રાકેશ રૂડાભાઈ મજેઠીયા રહે. દાંડી, રૂત્વિક મોહનભાઈ ડાભી રહે.દેલવાડા, રાજેશ બાબુભાઈ સોલંકી રહે.વાંસોજ, અક્ષય મનુભાઈ સોલંકી,રહે.દેલવાડા, રોહિત કાનાભાઈ વાજા રહે.વાંસોજ, જીતુ રાણાભાઈ બાંભણીયા રહે.વાંસોજ તા.ઉના વાળાઓને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી કરી હાથ ધરવામાં આવી હતી.

### એક દાયકાથી સમસ્યાનું કોઇ નિરાકરણ થતુ નથી

# લીલીયા મોટામાં ભૂગર્ભ ગટરનાં પાપે વેપારીઓ દિવાળીમાં નવરાધુપ બન્યા

### ગામજનોની વ્યાજબી રજુઆત કોઇ સાંભળતુ નથી





લીલીયા મોટા, તા. ૯

લીલીયા મોટામાં છેલ્લા ઘણા વર્ષોથી ગટર પ્રશ્ન માથાનો દુખાવો બની ગયો હોય ત્યારે વેપારીઓ દિવાળી જેવા તહેવારની રાહ જોઈને બેઠા હોય કે દિવાળીના દિવસોમાં રોજીરોટી ચાલશે પણ હાલ તો ગટરના ગંદા પાણીથી લીલીયા તાલુકાની જનતા નરકાગાર સમાન ઉભરાતી ગટરના પાણીથી ત્રાહિમામ પોકારી ગઈ છે અને લીલીયાના સ્થાનિક વેપારીઓ પાસે ખરીદી કરવાનું ટાળી રહ્યા છે ત્યારે લીલીયાના વેપારીઓની આશાઓ પર પાણી ફરી વળ્યુ હોય તેવું લાગી રહ્યું છે. ગટર પ્રશ્ન બાબતે અનેકવાર ગામના જાગૃત નાગરિકો દ્વારા તેમજ થોડા દિવસો પહેલા ગ્રામ પંચાયત સદસ્ય દ્વારા રજૂઆતો કરાઈ છે પણ પરિણામ આજદિન સુધી શૂન્ય છે.

### સાવરકુંડલા : માટીના કોડિયા દીપોત્સવી પર્વ દરમિયાન ઠેરઠેર વેચાતા જોવા મળે





સાવરકુંડલા. તા.૯

આમ તો શબ્દાર્થની રીતે જોઈએ તો દિપોત્સવી એટલે દીવડા પ્રગટાવવાનો તહેવાર.. અંધકાર તરફથી ઉજાસ તરફ પ્રયાણ કરવાનું પર્વ.. એટલે દીવો એ માનવ સંસ્કૃતિ સાથે સંકળાયેલું પ્રકાશનું પ્રતીક ગણાય. આજે પણ દીવો પ્રગટાવવા માટીનાં કોડિયાનો ઉપયોગ થાય છે. સેથી પ્રાચીન દીવાના કોડિયા મોહેંજો દરોના ઈ.સ.પૂર્વે ૨૭૫૦ના સમયના મળી આવેલાં છે. એ સમયમાં દીવાનો ઉપયોગ મોટે ભાગે ધાર્મિક કે ઐતિહાસિક હેતુની સાથોસાથ ઉજાસ કે અજવાળું કરવા માટે થતો હતો. સહેજ મોટા કદના દીવા છત પર લટકાવાતા જેથી ચોતરફ સારી રીતે અજવાળું ફેલાય. કેટલાંક ઘરોમાં ગોખલાની સુવિધા પણ રખાતી, જેમાં દીવા મુકવામાં આવતા. દીવાનો સંબંધ સીધો અગ્નિ સાથે હોઈ, પ્રાચીન કાળથી સભ્યતાના ઉદય સાથે અગ્નિને પવિત્ર અને દૈવીભાવથી પૂજય માનવામાં આવે છે. દીવાનું મૂળ તાત્પર્ય અંધકારનો નાશ કરી પ્રકાશના પ્રસારણનો છે. દીવાનો પ્રકાશ જ્ઞાન, સુખ, સમૃદ્ધિ, ઊર્જા, અપ્રર્ય, હકારાત્મકતાનું પ્રતીક પણ છે. દીવો એ દિવાળી પર્વની સાથોસાથ લક્ષ્મીજી સાથે તો જોડાયેલો છે

હિંદુ ધર્મમાં દેવી-દેવતાની પૂજામાં દીવાનું વિશેષ મહત્વ હોય છે. પૂજા સમયે લોકો અખંડ દીવો પ્રગટાવતાં હોય છે. સાવરકુંડલા શહેરમાં પણ હજુ દિવાળીના પર્વ અનુસંધાને ઘરોની બહાર પ્રવેશદ્વાર પાસે લગભગ બે ગોખલા તો જોવા મળે છે અને એ બંને ગોખલામાં અગિયારશથી દીપ પ્રગટાવીને રાત્રિ અને પ્રાતઃ કાળે દીવા પ્રગટાવીને દીપોત્સવી પર્વનો શુભારંભ કરતાં જોવા મળે છે.

### મામલતદારને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું

# લ્યો બોલો : લીલીયાનાં ક્રાંકચ ગામની શાળામાં ૯ વર્ગ વચ્ચે માત્ર ૩ શિક્ષક

### યોગ્ય ન થાય તો આંદોલનની ચીમકી





લીલીયા, તા. ૯

લીલીયા તાલુકાના ક્રાંકચગામનાં ગામજનો દ્વારા લીલીયા મામલતદાર ખાતે તાલુકા વિકાસ અધિકારીને આવેદન પત્ર મારફત માંગણી કરેલ કે ક્રાંકચ કન્યા શાળામાં ધોરણ ૧ થી ૮ હોય જેમાં બાલવાટિકા ઉમેરીને ટોટલ ૯ ધોરણ થતા હોય સામે ફકત ત્રણ જ શિક્ષકો હોય જેમાં શાળાના આચાર્યનો પણ ચાર્જ તે પૈકી શિક્ષક પાસે હોય શાળામાં વિદ્યાર્થીઓની ઓનલાઈન એન્ટ્રી કરવાનું કામ પણ તેમાંના એક શિક્ષક પાસે હોય અને તે શિક્ષકોમાં સરકાર દ્વારા બી.એલ.ઓ. ચૂંટણીલક્ષી તથા તાલીમ આયોજનમાં વ્યસ્ત હોય તો શાળાના ૯ ધોરણમાં ફક્ત ૧ શિક્ષક ઉપર નિર્ભર હોય. અત્યારના અભ્યાસને જોતા વાલી દ્વારા અનેકવાર મૌખીક અને લેખિત રજુઆત કરવા છતાં કોઈપણ જાતનો નિર્ણય લેવાતો નથી અને બાળકોના ભવિષ્ય ખુબ બગડી રહ્યા છે અને વાલીની આર્થિક પરિસ્થિતિ ખરાબ હોય જેથી બહાર ભણાવી શકતા નથી. જો આવતા સત્ર સુધીમાં શિક્ષકોની નિમણુંક કરવામાં નહી આવે તો વાલીઓ ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરીશું અને નિર્ણય નહી લેવામાં આવે તો આવતા સત્રમાં તાળાબંધી કરી વિરોધ કરવાની પણ વિદ્યાર્થીના વાલીઓએ આવેદનપત્રમાં જાણ કરેલ છે. આ તકે લીલીયા તાલુકા કોંગ્રેસ પ્રમુખ ખોડાભાઈ માલવિયા, તાલુકા પંચાયત ઉપપ્રમુખ જગાભાઈ દેથલીયા, વિજય કોગથીયા સહિત ક્રાંકચ ગામના આગેવાનો, ગ્રામજનો ઉપસ્થિત રહેલ. તેમ ઈમરાન પઠાણની યાદી માં જણાવેલ છે.

### સ્વચ્છ ભારત અભિયાન ફેઝ-૨ અંતર્ગત

# લીલીયા અને જાફરાબાદ તાલુકાના નવ નિયુક્ત તલાટી મંત્રીઓને પ્રેઝેન્ટેશન આપવામાં આવ્યું

### ફ્લાય ઓવર, બસ સ્ટેન્ડ, રેલ્વે સ્ટેન્ડમાં સફાઈ અભિયાન





અમરેલી,તા.૯

સ્વચ્છતા હી સેવા મહા અભિયાન અંતર્ગત જિલ્લામાં ગામે ગામ સ્વચ્છતાલક્ષી પ્રવૃત્તિઓ યોજાઈ રહી છે. સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત આ કડીના ભાગરૂપે અમરેલી જિલ્લાના લીલીયા અને જાફરાબાદ તાલુકામાં નિયુક્ત થયેલા નવનિયુક્ત તલાટી મંત્રીઓને આ અભિયાન વિશે જાણકારી આપવામાં હતી.

સરકારમાં નિમણુક પામેલા કર્મયોગીઓને આગામી સમયમાં આ અભિયાન આગળ લઈ જવાની તેમજ બે માસના મહા સ્વચ્છતા અભિયાનની રૂપરેખાની સમજ આપવામાં આવી હતી.

તલાટી મંત્રીઓને સ્વચ્છ ભારત અભિયાન ફેઝ-૦૨ અંતર્ગત પાવર પોઈન્ટ પ્રેઝેન્ટેશન દ્વારા અભિયાનના ઉદ્દેશ્યો, કાર્યો વિશે માહિતી આપવામાં આવી હતી.

આ અભિયાન અંતર્ગત તા.૬ નવેમ્બર થી તા.૧૧ નવેમ્બર,૨૦૨૩ સુધી શહેરના તમામ ફ્લાય ઓવર, બસ સ્ટેન્ડ, રેલ્વે સ્ટેન્ડમાં સફાઈ ઝુંબેશ યોજાશે ઉપરાંત ગ્રામ્ય વિસ્તારમાં ગાંડા બાવળનું પ્રુનીંગ તેમજ ચારકોલ - કોલ બનાવવા માટેની વ્યવસ્થા પણ ગોઠવવામાં આવશે. જિલ્લામાં સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત તા.૧૬ ડિસેમ્બર, ૨૦૨૩ સુધી વિવિધ સ્વચ્છતાલક્ષી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવશે. સમગ્ર રાજયમાં ગામે ગામ સ્વચ્છતા અભિયાન વેગવંતુ બન્યું છે. આ ઉપરાંત ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં લોકો ઉત્સાહભેર આ અભિયાનમાં જોડાઈને સ્વચ્છતાગ્રહી બની રહ્યા છે.

### સાવરકુંડલા : ચિરોડી મિશ્રિત વિવિધ રંગો પણ બજારમાં વેચાણ અર્થે જોવા મળે છે



સાવરકુંડલા. તા.૯

દિપોત્સવીના પાવન પર્વ એટલે ભારતીય સંસ્કૃતિનો હિંદુ ધર્મના લોકો માટે સૌથી મોટો તહેવાર ગણાય. આમ ગણીએ તો શુભ પ્રસંગ ગણાય. લોકો આ તહેવાર ખૂબ જ હર્ષોલ્લાસ સાથે ઉજવતાં હોય છે . આ તહેવારની સળંગ શૃંખલા હોય છે.જેમાં અગિયારશ,વાઘ બારશ, ધન તેરશ, કાળી ચૌદશ, દિવાળી, નૂતન વર્ષ, ભાઈબીજ અને લાભ પંચમી સમાવિષ્ટ હોય છે. આ પર્વ પર લોકો પોતાના ઘર, ઓફિસ અને દુકાન પાસે રંગબેરંગી ડીઝાઈન અને ભાતચિત્રો દર્શાવતી રંગોળી બનાવતાં હોય છે .

આ રંગોળી બનાવવા માટે શહેરમાં વિવિધ રંગોમિશ્રિત ચીરોડી કલર પણ વેચાય છે. સાથે સાથે વિવિધ ડીઝાઈન દર્શાવતાં બિંબા પણ વેચાય રહ્યા છે. આ ઉપરાંત ઘરોને શણગારવા માટે વિવિધ આઈટમો પણ બજારમાં ઉપલબ્ધ હોય છે.

### સ્થાનિક રહેવાસીઓ દ્વારા થયું આયોજન

# અમરેલીના શાસ્ત્રીનગર ખાતે વિદ્યાર્થીઓ અને કર્મચારીઓનું સન્માન કરવામાં આવ્યું

### ડો. બાબાસાહેબનું જીવન દર્શન રજુ કરવામાં આવ્યું





અમરેલી, તા. ૯

અમરેલી શીતલ રોડ શાસ્ત્રીનગર ખાતે અનેકવિધ કાર્યક્રમ સાથે સ્નેહમિલનનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં કારકિર્દી ક્ષેત્રે સફળતા પ્રાપ્ત વિદ્યાર્થી તેમજ સેવાક્ષેત્રે નિવૃતિ પામેલા કર્મચારીઓ પ્રમાણપત્ર એનાયત કરી સન્માન કરવામાં આવ્યું હતું.

શિક્ષણ તેમજ સંપની ભાવનાની વાતને વકતાઓએ વાગોળીને કાર્યક્રમને પ્રેરણા પુરી પાડી હતી. કાર્યક્રમમાં ડો. બાબાસાહેબ આંબેડકરના જીવન દર્શનને ૩૫૦ ફોટોગ્રાફસના પ્રદર્શનને રજુ કરતા લોકોએ રસપુર્વક નિહાળ્યું હતું.

સમુહ ભોજન તેમજ ભીમ ગરબાથી કાર્યક્રમ ઉત્સાહસભર બન્યો હતો. સમગ્ર શાસ્ત્રીનગર પરિવારની પ્રેરક ઉપસ્થિતિએ કાર્યક્રમને શોભાયમાન બનાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન શાસ્ત્રીનગર પરિવાર દ્વારા કરવામાં આવ્યું હતું.

# અમરેલીમાં 'અમરડેરી'નાં પ્રયાસથી સૌ પ્રથમ આઈવીએફ ટેકનોલોજીની મદદથી ગીર વાછરડીનો જન્મ







અમરેલી : અમરડેરી દ્વારા ગીર ગાયના સંવર્ધન માટે ઈ.ટી./આઈ.વી.એફ.લેબોરેટરી અને સેન્ટર ઓફ એકસેલનસ' પ્રોજેકટ અંતર્ગત અંડબીજ કલેકશન અને એબ્રિઓ બનાવવા માટેની ખાસ મોબાઈલ વેન તા.૩૧/૧૨/૨૦૨૨ રોજ તપોવન આશ્રમના શિલાન્યાસ પ્રસંગે લોકસંત મોરારીબાપુના હસ્તે અને કેન્દ્રીય મંત્રી પરશોતમભાઈ રૂપાલા, ઈફકો અને એન.સી.યુ.આઈ.ના ચેરમેન દિલીપ સંઘાણીની વિશેષ ઉપસ્થિતીમાં આ મોબાઈલ ખુલ્લી મુકવામાં આવી હતી. તા.૨૬/૧/૨૦૨૩ના રોજ પ્રતાપપરા અને અમરેલી ડો.અર્પણ જાનીનાં ગીર ગાય ફાર્મ પર ગુજરાત વિધાન સભાનાં નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયાની ઉપસ્થિતીમાં અંડબીજ કલેકશન કરી, શોર્ટેડ સેકસડ સિમેન દ્વારા અમર ડેરી ખાતે ડો.શ્યામ ઝાંવર (નેશનલ મેન્ટોર)નાં માર્ગદર્શન હેઠળ મોબાઈલ વાનમાં ભ્રૂણ (એબ્રિઓ) બનાવીને તા.૩/૨/૨૦૨૩ ના રોજ ગીર ગાયમાં ભ્રૂણ પ્રત્યારોપણ કરી આજરોજ તા.૯/૧૧/૨૦૨૩ વસુ બારસના પવિત્ર દિવસે વાછરડી (બચ્ચા)નો જન્મ થયો. આ તકે સંઘનાં ચેરમેન અશ્વિન સાવલીયા જણાવેલ કે આવતા દિવસોમાં આ ટેકનોલોજી દ્વારા ૨૦ થી ૩૦ લીટર પ્રતિદિન દુધ આપતી ગીર ગાય મેળવી શકાશે જેથી 'ઓછા ખર્ચે વધારે દૂધ ઉત્પાદન' મેળવી 'સહકાર થી સમૃદ્ધિ' નું સુત્ર ખરા અર્થમાં સાબિત થશે. આવનાર દિવસોમાં આ ટેકનોલોજી દ્વારા આપણી વિશ્વ વિખ્યાત ગીર ગાયોનું સંવર્ધન અમર ડેરી અમરેલી ખાતેનાં 'સેન્ટર ઓફ એકસેલન્સ' નાં માધ્યમથી કરવામાં આવશે. તેવું અમર ડેરીનાં એમ.ડી.ડો.આર.એસ.પટેલની અખબારી યાદીમાં જણાવવામાં આવેલ છે.

# અમરેલી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની કૃષિમંત્રીએ મુલાકાત લીધી






વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ખેડૂતોની આવક બમણા કરી આત્મનિર્ભર કૃષિ બનાવવાના લક્ષ્યને આગળ લઈ જવાની દિશામાં અમરેલી મુકામે કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલે અમરેલી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ખાતે વિસ્તૃત ચર્ચા વિચારણા કરી હતી. આ ઉપરાંત પાક વીમા, ખેડૂતોને કુદરતી સંકટથી થતી નુકસાનીના કિસ્સામાં સો ટકા વળતર મળી રહે તે મુદ્દે સાંસદ નારણભાઈ કાછડિયા, વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા, સમિતિના ચેરમેન શૈલેષભાઈ સંઘાણી, ડીરેકટર પી.પી.સોજીત્રા, અમરેલીના પૂર્વ ધારા સભ્યઓ તેમજ કૃષિ અને સહકાર ક્ષેત્રના અગ્રણીઓ અને સમિતિના સભ્યો સાથે વિસ્તૃત ચર્ચા કરી હતી. આ ચર્ચામાં કૃષિ મંત્રીએ જણાવ્યુ હતુ કે, ખેડૂતોને નુકસાનીના કિસ્સામાં મળતી સહાયમાં હાલમાં કેન્દ્ર સરકારની અને રાજય સરકારની સહભાગીદારી છે. ભવિષ્યના આયોજનને ધ્યાનમાં રાખીને કૃષિ અગ્રણીઓ પોતાના સૂચનો આપે.રાજય સરકારે નાણાકીય આયોજનના અભાવે એક પણ ખેડૂત સહાયતાથી વંચિત ન રહે તેની તકેદારી રાખીને નાણાકીય જોગવાઈ થાય તેવું આયોજન કર્યુ છે.ખેડૂતોની આવક બમણી થાય,તેમને નુકસાની ન થાય અને નુકસાની થાય તો તેમને પૂરતું અને સો ટકા વળતર મળી રહે તેવી દિશામાં રાજય સરકાર દ્વારા કામગીરી કરવામાં આવી રહી છે. આ ચર્ચામાં સાંસદ નારણભાઈ કાછડિયાએ ખેડૂતોને દિવસે વીજળી મળી રહે તે માટેની અને પાણીના સ્ટોરેજ ટેંક બનાવવાની યોજનામાં સહાયતા વધારે મળે તે અંગે રજૂઆત કરી હતી.કૃષિ અગ્રણી હિરેનભાઈ હિરપરાએ અમરેલીના ચલાલા ખાતે પ્રાકૃતિક કૃષિ માટેની તાલીમ કોલેજ શરૂ કરવા તેમજ બી.એસ.સી. એગ્રિકલ્ચરનો કોર્સ સહિતના મુદ્દે રજૂઆત કરી હતી. કૃષિ મંત્રીએ રાજય સરકારની યોજનાઓનો ખેડૂતોએ પૂરતા પ્રમાણમાં લાભ મેળવે તેની તકેદારી રાખવા અગ્રણીઓને અનુરોધ કર્યો હતો.આ બેઠકમાં સમિતિના ડાયરેકટરઓ, ખેતીવાડી અને આત્મા પ્રોજેક્ટના અધિકારીઓ, કૃષિ – સહકાર આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૫૦ | ૧૫૧૦ |
| ૨ | મગફળી | ૧૧૮૭ | ૧૩૦૩ |
| ૩ | તલ સફેદ | ૨૭૯૦ | ૩૨૪૦ |
| ૪ | મગ | ૧૬૭૦ | ૨૦૦૦ |
| ૫ | કાળા તલ | ૨૭૩૦ | ૩૨૮૦ |
| ૬ | ઘઉં | ૪૫૬ | ૫૬૪ |
| ૭ | ચણા | ૯૮૫ | ૧૧૨૫ |
| ૮ | સોયાબીન | ૮૯૫ | ૯૫૫ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૦૦ | ૧૪૦૦ |
| ૨ | તલ સફેદ | ૩૦૦૦ | ૩૦૦૦ |
| ૩ | તલ કાળા | ૨૬૦૧ | ૨૬૦૧ |
| ૪ | કપાસ | ૧૩૦૦ | ૧૪૬૦ |
| ૫ | બાજરો | ૪૨૦ | ૫૨૨ |
| ૬ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૦૦ |
| ૭ | જુવાર | ૭૦૦ | ૧૨૫૫ |
| ૮ | મગ | ૨૩૦૦ | ૨૭૬૬ |
| ૯ | મઠ | ૧૬૦૦ | ૧૬૦૦ |
| ૧૦ | અડદ | ૨૨૦૦ | ૨૨૦૦ |
| ૧૧ | ધાણા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૧૨ | ચણા | ૯૦૦ | ૧૨૦૦ |
| ૧૩ | સોયાબીન | ૮૦૦ | ૯૦૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૦૦ | ૧૩૫૧ |
| ૨ | શીંગ મોટી | ૧૧૫૧ | ૧૩૫૨ |
| ૩ | તલ સફેદ | ૩૦૦૦ | ૩૪૬૧ |
| ૪ | તલ કાળા | ૩૪૦૦ | – |
| ૫ | કપાસ | ૧૩૫૦ | ૧૪૮૦ |
| ૬ | ઘઉં લોકવન | ૪૫૭ | ૫૯૪ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૧૧ | ૬૯૦ |
| ૮ | બાજરો | ૩૭૦ | ૪૭૫ |
| ૯ | જુવાર | ૭૦૫ | ૧૩૦૨ |
| ૧૦ | અડદ | ૧૬૮૧ | ૨૦૪૦ |
| ૧૧ | ચણા | ૧૦૦૦ | ૧૨૭૫ |
| ૧૨ | તુવેર | ૧૭૦૦ | ૨૦૦૦ |
| ૧૩ | ચોળી | – | ૨૮૦૦ |
| ૧૪ | ધાણા | ૧૧૦૦ | ૧૨૪૧ |
| ૧૫ | સોયાબીન | ૯૦૦ | ૯૭૫ |

પાના ૧ ઉપરનું ચાલું

## અંતે બાબરાનાં લાલકા ગામે થયેલ

કોન્ટ્રાકટર થોભણભાઈ સાજાયાએ લાલકા ગામનાં બોધાભાઈ રાઠોડ અને જેસીંગભાઈ રાઠોડ વિરૂધ્ધ ફરિયાદ નોંધાયેલ છે.

ફરિયાદમાં જણાવેલ છે કે, આજ રોજ વ્હેલી સવારનાં આશરે પાંચેક વાગ્યાનાં અરસામાં અમોએ માન્યતા એન્ટરપ્રાઈઝનું પવનચકકી લોકેશન નં.RJ-II, T-IIII નું પેટા કોન્ટ્રાકટરથી કામ રાખેલ હોય જે લોકેશન લાલકા ગામની સીમમાં આવેલ છે.જે સરકારી ખરાબાની જમીનમાં ફાઉન્ડેશન ભરવાનું કામ શરૂ હતું આ વખતે લાલકા ગામનાં બોધાભાઈ જસમતભાઈ રાઠોડ તથા જેસીંગભાઈ બોધાભાઈ રાઠોડ રહે. બંને લાલકા, આવેલ અને આ કામ બંધ કરવા જણાવેલ જેથી અમોએ તેને સમજાવેલ કે આ કામ સરકારી ખરાબાની જમીનમાં શરૂ કરેલ છે. અને આ કામ શરૂ કરવા સારૂ અમોએ કલેકટર પાસેથી મંજુરી લીધેલ છે. તેમજ આ કામ શરૂ કરતા પહેલા લાલકા ગ્રામ પંચાયત પાસેથી પણ મંજુરી મેળવેલ છે વાત કરેલ પણ આ લોકો છે. તેમજ આ કામ શરૂ કરતા પહેલા અમોએ લાલકા ગ્રામ પંચાયત પાસેથી પણ મંજુરી મેળવેલ છે. વાત કરેલ પણ આ લોકો કોઈ વાત સમજવા તૈયાર ન હતા. અને આ લોકો અમારી સાથે ગાળો બોલવા લાગેલ અને કહેવા લાગેલ કે તમારે અહીં કામ કરવું હોય તો અમોને કાયમી સીકયુરીટી ગાર્ડમાં નોકરી આપવી પડશે જે બાબતનું લખાણ કરી આપો તેમજ અહી તમારા વાહનો ચલાવવા સારૂ તમારે અમોને અઢી લાખ રૂપિયા આપવા પડશે. તેમ વાત કરતા અમોએ તેઓ બંનેને સમજાવેલ કે તમારી માલીકીની જમીન આવતી હોય તો અમો તમોને આપી શકીએ પરંતુ અમો તમારી માલીકીની જમીનમાં વાહનો ચલાવવાનાં નથી જેથી અમો તમને કોઈ રૂપિયા આપી શકીએ નહી તેમ વાત કરતા આ બંને જણા એકદમ ઉશ્કેરાઈ ગયેલ અને જેમ ફાવે તેમ ગાળો આપવા લાગેલ અને કામ બંધ કરાવી દીધેલ છે. આ અંગે પોલીસે કાર્યવાહી હાથ ધરેલ છે.

## અવસાન નોંધ

**દામનગર :** રામાનંદી સાધુ (દામનગર) રમેશચંદ્ર વેણીરામબાપુ અગ્રાવત (ઉ.વ. ૭૫) તે દીપેશકુમાર, રામદાસબાપુ અને દર્શનભાઈનાં પિતાશ્રી તા. ૩/૧/૨૩ને શુક્રવારના રોજ દામનગર મુકામે રામચરણ પામેલ છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૦૦ | ૧૨૫૧ |
| ૨ | શિંગ મોટી | ૯૮૫ | ૧૩૯૦ |
| ૩ | તલ સફેદ | ૨૩૦૦ | ૩૭૦૧ |
| ૪ | તલ કાળા | ૨૮૦૦ | ૩૩૫૦ |
| ૫ | બાજરો | ૩૭૦ | ૪૭૦ |
| ૬ | જુવાર | ૮૦૦ | ૧૨૬૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૬૬૩ |
| ૮ | ઘઉં લોકવન | ૪૫૧ | ૬૪૧ |
| ૯ | અડદ | ૧૩૦૦ | ૨૦૨૦ |
| ૧૦ | ચણા | ૭૦૦ | ૧૨૭૦ |
| ૧૧ | ચણા દેશી | ૯૦૦ | ૧૧૫૦ |
| ૧૨ | કપાસ | ૯૭૦ | ૧૪૮૦ |
| ૧૩ | એરંડા | ૧૦૭૫ | ૧૧૧૦ |
| ૧૪ | ધાણા | ૯૦૦ | ૧૪૦૦ |
| ૧૫ | મેથી | ૧૧૪૨ | ૧૩૦૭ |
| ૧૬ | સોયાબીન | ૭૩૦ | ૯૮૨ |
| ૧૭ | રજકાનું બી | ૧૪૪૦ | ૩૪૧૦ |

સંભાવના છે. તો અમરેલી ખાતે જીઆઈડીસી મંજુર કરવા વિનંતી છે.

**પ્રવાસન ક્ષેત્રે વિકાસની તકો :–**

અમરેલી જિલ્લો ગીરના જંગલને અડીને આવેલો જિલ્લો છે. આજુ–બાજુના જિલ્લામાં પવિત્ર યાત્રાધામો, તિર્થધામો આવેલા છે. તેમજ અમરેલી જિલ્લામાં પણ પવિત્ર યાત્રાધામો, તિર્થધામો છે. ત્યારે ટુરિઝમ સર્કિટ બનાવવામાં આવે તો નાના ફેરીયાથી લઈ હોટેલ ઉદ્યોગ સુધી રોજગારીની તકો મળી શકે તેમ છે.

(૧) બોટાદ જિલ્લાના સારંગપુર હનુમાનજીદાદાના દર્શન કરી પ્રવાસીઓ સોમનાથ, જુનાગઢ કે દીવ જતા હોય છે અને અમરેલી જિલ્લામાંથી પસાર થાય છે. ત્યારે લાઠી તાલુકાના ભુરખીયા હનુમાનજી, અમરેલી ફતેપૂર ભોજલધામ, ચલાલા દાનબાપુની જગ્યા, ગળધરા ખોડીયાર મંદિર, આંબરડી લાયન સફારી પાર્ક, ત્યાંથી ગીરના રસ્તે તુલશીશ્યામ થઈને આગળ વધાય છે.

ઉપરોકત ટુરિઝમ સર્કિટના વિકાસ માટે ફોર ટ્રેક રોડ મજુર કરવા વિનંતી., ટુરિઝમ સર્કિટમાં આવતા ધાર્મિક સ્થાનોના વિકાસ માટે ગ્રાન્ટ ફાળવવા વિનંતી., ટુરિઝમ સર્કિટમાં આવતા વિસ્તારમાં કોઈ હોટેલ રીસોર્ટ બનાવે તો તેને વિજ રાહત, ટેક્ષ રાહત મળી રહે તેવી પોલિસી વિકાસ માટે બનાવવી જોઈએ., એગ્રો ટુરિઝમ અને હેરીટેઝ ટુરિઝમને પણ પ્રોત્સાહન આપવું જોઈએ. રાજુલા–જાફરાબાદના ૬૦ કિલો મીટરના દરિયા કિનારે આવેલા શિયાળ બેટ ટાપુ, સરકેશ્વર મહાદેવ બીચનો વિકાસ કરવો જોઈએ., ગીરના જંગલમાં આવેલા ધાર્મિક સ્થળો કનકાઈ, બાણેજ, તુલશીશ્યામ, જમજીરનો ધોધ જેવા પર્યટન સ્થળોમાં રસ્તા, રહેવાની સુવિધા સહિત જરૂરી વિકાસ કરવા જોઈએ.,

પાના ૮ ઉપરનું ચાલું

## અમરેલી જિલ્લામાં બંદર

ગીરના જંગલને અડીને આવેલા ધારી, ખાંભા, જાફરાબાદ તાલુકાના ગામોમાં ખેડૂતો પોતાના ખેતરમાં ટેન્ટ ઉભા કરી પ્રવાસીઓને રહેવાની વ્યવસ્થા, ખેતી જોવાની વ્યવસ્થા કરે તો ખેડૂતોને રોજગારી મળે આમ એગ્રોટુરીઝમ અને ફોરેસ્ટને સાથે આવરી લેવામાં આવે તેવી પોલિસી બનાવવાથી ફાયદો થાય.

ગીરના જંગલમાં પ્રવાસીઓના વાહન અથવા રેલ્વેના હિસાબે સિંહ જેવા વન્યપ્રાણીઓના મોતના બનાવો બન્યા નથી. તો જંગલમાં આવેલા પૌરાણીક ધાર્મિક સ્થાનો માલધારીઓના નેસડાઓ અને વન્ય પ્રકૃતિને જાણકારી માટે પ્રવાસ વ્યવસ્થાના નવા આયામને શરૂ કરવા જોઈએ., અમરેલી જિલ્લાનો ખાંભા તાલુકામાં ૯૫% ઈકો સેન્સેટિવ ઝોનમાં આવે છે. એટલે આ તાલુકાનો ઉદ્યોગિક વિકાસ શકય નથી. આ તાલુકામાં ટુરિઝમ ક્ષેત્રે આગળ લઈ જવા ખાંભામાં આવેલા મિતિયાળા વન્ય અભયારણ્યમાં માનવ ભક્ષી દીપડાઓને પાંજરે પુરી ટુરીસ્ટ માટે પ્રવાસન કેન્દ્ર બનાવી શકાય તેમ છે., અમરેલી જિલ્લાના બાબરા તાલુકામાં આવેલી વન વિભાગની વિડીમાં માનવ ભક્ષી દીપડાઓને પાંજરે પુરી ટુરીસ્ટ માટે પ્રવાસન કેન્દ્ર બનાવી શકાય તેમ છે.

**પોર્ટ (બંદર) વિકાસ ક્ષેત્રે :–**

આ ઉપરાંત દેશભરના ઔદ્યોગિક ગૃહો વિશ્વના દેશોમાંથી રો–મટીરીયલ્સ આયાત કરી દેશના અન્ય રાજયોમાં પોતાની ઈન્ડસ્ટ્રીઝમાં મેન્યુફેકચરીંગ કરવા લઈ જાય છે. દેશના ઉદ્યોગકારો પોતાની પ્રોડકટર્સ નિકાસ કરવા પીપાવાવ લાવે છે. ત્યારે આયાત–નિકાસમાં નવા ચાર બંદર બની શકે તેમ છે. તો તેનો વિકાસ કરવા વિનંતી છે.

રાજુલાના વિકટર બંદરનો વિકાસ કરવો., રાજુલાના ચાંચ બંદરનો વિકાસ કરવો., જાફરાબાદના ધારા બંદરનો વિકાસ કરવો. રાજુલા, જાફરાબાદના ૬૦ કિ.મી દરિયા કિનારે નવા પોર્ટ તેમજ શીંપીંગ મેન્યુફેકચરીંગ અને જહાજ સ્ક્રેપના વ્યવસાયની તકોનો વિકાસ કરવો., રાજુલા, જાફરાબાદ વિસ્તારમાં સ્પેશિયલ કેમિકલ્સ ઝોન જાહેર કરવામાં આવે તો આ વિસ્તારનો ઝડપી વિકાસ શકય બની શકે તેમ છે.

**સ્પેશિયલ ઈન્ડીસ્ટ્રીયલ ઝોન ક્ષેત્રે :–**

અમરેલી જિલ્લાના સાવરકુંડલા, લીલીયા, લાઠી, દામનગર તાલુકાઓ ખારાપાટ તરીકે ઓળખાય છે. જયાં ચોમાસા સિવાય ખેતી શકય નથી, આ વિસ્તારમાંથી રેલ્વે અને હાઈવે પસાર થાય છે. તો સ્પેશ્યલ ઈન્ડસ્ટ્રીયલ ઝોન જાહેર કરી ઉદ્યોગકારોને વિશેષ સુવિધા આપવામાં આવે તો ઔદ્યોગિક ક્રાંતિ થશે.

ત્યારે આગામી સમયમાં વાઈબ્રન્ટ ગુજરાત અંતર્ગત ઉદ્યોગકારો પોતાના ઉદ્યોગ અમરેલી જિલ્લામાં સ્થાપે અને સરકાર દ્વારા અમરેલી જિલ્લાના વિકાસ માટે વિવિધ ટેક્ષ રાહત પોલિસી, નાણાકીય પ્રોત્સાહનો, સ્ટેમ્પ ડયુટી માફી, વિજ અને કર રાહત જેવી પોલિસી વિકાસ માટે બનાવવા વિનંતી છે.

**એજયુકેશન ક્ષેત્રે વિકાસ :–**

રાજુલા, જાફરાબાદના ૬૦ કિ.મી વિસ્તારના વિકાસ અને રોજગારી સર્જન માટે ફિશરીજ કોલેજ સરકારી શરૂ કરવા માંગણી છે., કૃષિ યુનિવર્સિટીના અમરેલી કેમ્પસમાં હોમ સાયન્સ જુનાગઢ કોલેજ બંધ છે. ઈફ્રાસ્ટ્રકચર તૈયાર છે. ગુજરાતમાં કૃષિ ક્ષેત્ર મહિલાઓને જોડવા સ્પેશ્યલ હુમન એગ્રીકલ્ચર કોલેજ બી.એસસી. અને એમ.એસસી. શરૂ કરવા માંગણી છે., પ્રાકૃતિક યુનિવર્સિટી દ્વારા અમરેલી જિલ્લાના ધારી તાલુકાના દહિંડા ગામે ઘેટા અને ઉન વિકાસ નિગમ લી.ની જમીન આવેલ છે. ત્યાં પ્રાકૃતિક યુનિવર્સિટી દ્વારા સરકારી કોલેજ ઉભી કરવા રજુઆત છે.

**સિંચાઈ સુવિધા :–**

નર્મદા આધારીત "સૌની યોજના" દ્વારા અમરેલી જિલ્લાના મોટા ભાગના જળાશયો પાણીથી ભરવાનું આયોજન છે. ત્યારે પાણીની સંગ્રહ શકિત વધે તે માટે જળાશયોમાંથી માટી–કાંપ કાઢવાનું આયોજન કરવુ તેમજ ખેડૂતોને પિયત સુવિધા મળે તે માટે કેનાલો રીપેરીંગ કરવી અને બનાવવી., જળ સંચય પ્રવૃત્તિને વેગ આપવા જિલ્લામાં નવા ચેકડેમ, તળાવો સરકાર અથવા લોકભાગીદારીથી શરૂ કરવા ખૂબ જરૂરી છે.

અમરેલી જિલ્લાના સર્વાંગિ વિકાસ માટે દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી, ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, કેન્દ્રીય મંત્રી પરશોત્તમભાઈ રૂપાલા, ડો. મનસુખભાઈ માંડવિયા, રાજય સરકાર મંત્રી રાઘવજીભાઈ પટેલ, કુંવરજીભાઈ બાવળિયા, બળવંતસિંહ રાજપુત, મૂળુભાઈ બેરા, ધારાસભ્ય કૌશિકભાઈ વેકરિયા, મહેશભાઈ કસવાલા સમક્ષ અમરેલી જિલ્લાના વિકાસ માટે રહેલી તકો માટે યોગ્ય નીતિ બનાવવા ગુજરાત ભા.જ.પ. કિસાન મોરચાના પ્રદેશ મહામંત્રી હિરેન હિરપરાએ રજુઆત કરી છે.

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૦ | ૧૪૭૪ |
| ૨ | ચણા | ૯૯૦ | ૧૨૦૫ |
| ૩ | ચણા સફેદ | ૧૪૦૧ | ૧૪૦૧ |
| ૪ | સોયાબીન | ૮૫૦ | ૯૩૭ |
| ૫ | તલ સફેદ | ૨૫૨૦ | ૩૩૦૦ |
| ૬ | મગફળી | ૧૦૦૦ | ૧૨૨૦ |
| ૭ | તલ કાળા | ૨૪૭૫ | ૨૬૦૦ |
| ૮ | ઘઉં લોકવન | ૫૨૭ | ૫૮૬ |
| ૯ | જુવાર | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૧૦ | અડદ | ૧૯૧૫ | ૧૯૧૫ |
| ૧૧ | ધાણા | ૧૧૯૨ | ૧૩૦૦ |
| ૧૨ | બાજરો | ૪૪૩ | ૪૪૩ |
| ૧૩ | તુવેર | ૧૫૦૧ | ૨૧૧૫ |
| ૧૪ | લસણ | ૧૧૩૨ | ૧૭૦૦ |
| ૧૫ | શીંગદાણા | ૧૪૦૦ | ૧૫૫૧ |

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૫ | ૧૪૬૧ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૧૦૦૦ | ૧૦૦૦ |


સંકુલ – સ્નેહમિલન કાર્યક્રમ – જાહેર નિમંત્રણ

★ સંકુલનાં પૂર્વ અને વર્તમાન સ્ટાફ – સ્ટુડન્ટ્સ – પેરન્ટ્સ અને શુભેચ્છકશ્રીઓને નુતન વર્ષનાં સ્નેહમિલનમાં પધારવા હાર્દિક નિમંત્રણ છે.

તારીખઃ–૧૪/૧૧/૨૦૨૩ મંગળવાર સમયઃ–સાંજના ૪ : ૩૦ થી ૫ : ૩૦

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ–સુરત

★ સ્થળ : શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ, અમરેલી

ચક્કરગઢ રોડ, ફોન. :–૨૩૨૩૨૧ થી ૨૬ ફેકસ : ૨૭ www.lpshgsankulamreli.org

:: નિમંત્રક ::

શ્રી વસંતભાઈ ગજેરા – સ્થાપક પ્રમુખશ્રી

શ્રી મનુભાઈ કુમ્મર – પ્રમુખશ્રી / શ્રી પ્રતાપભાઈ જોગાણી – ઉપ પ્રમુખશ્રી

શ્રી મનુભાઈ ડાવરીયા – મંત્રીશ્રી / શ્રી નરેન્દ્રભાઈ હિરપરા – સહમંત્રીશ્રી

શ્રી નાગજીભાઈ સોજીત્રા – મેને. ટ્રસ્ટીશ્રી / શ્રી નાનુભાઈ વેકરીયા – ખજાનચીશ્રી


# અમરેલીમાં વુમન ફોર વોટર, વોટર ફોર વુમનની ઉજવણી કરવામાં આવી



અમરેલીમાં જળ દિવાળી ઉજવણીના ભાગરૂપે અમરેલી નગરપાલિકાએ તા. ૯/૧૧/૨૦૨૩ને ગુરૂવારે સવારે સ્વ. સહાય જુથોની ૩૦ મહિલાઓને અમરેલી નગરપાલિકા વિસ્તારમાં આવેલ બ્રામણ સોસાયટીનાં અંબિકાનગર સ્થિત વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટની મુલાકાત કરાવેલ અને પાણીના શુધ્ધિકરણ તથા પાણીના ગુણવતા અને મહત્વની બાબતની સમજણ આપેલ હતી. અમૃત–૨ યોજના હેઠળ તા. ૭ થી ૯ નવેમ્બર દરમ્યાન જળ દિવાળીની ઉજવણી કરવા (DAY NULM,) સાથે મળી નગરપાલિકા દ્વારા વુમન ફોર વોટર, વોટર ફોર વુમનની પહેલનું આયોજન કરેલ હતું. આ પ્રોગ્રામમાં સ્વસહાય જુથોની મહિલાઓ (અમૃતમીત્રો)ને વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટની મુલાકાત કરાવી ઘરોમાં શુદ્ધ પીવાનાં પાણી માટેની પ્રક્રિયાઓની સમજ આપેલ હતી અને પાણીની ગુણવતા પરીક્ષણ પ્રક્રિયાઓ વિશે શિક્ષિત કરવામાં આવેલ હતા. આ કાર્યક્રમમાં અમરેલી નગરપાલીકાનાં વોટર વર્કસશાખાના ચેરમેન નિલેશભાઈ ધાધલની પ્રેરક ઉપસ્થિતિ રહેલ હતી. તેમજ તેઓના વરદહસ્તે 'અમૃતમીત્રો' ને શુભેચ્છા ભેટ આપવામાં આવેલ હતી. તેમજ કાર્યક્રમને સફળ બનાવવા અમરેલી નગરપાલિકાની એન.યુ.એલ.એમ. શાખા તેમજ વોટર વર્કસ શાખાએ જહેમત ઉઠાવેલ હતી.

# અમરેલીની અમરડેરીની મુલાકાત લેતા પશુપાલન મંત્રી રાઘવજી પટેલ





અમર ડેરીનાં અત્યાધુનિક દુધ પ્રોસેસીંગ પ્લાન્ટ અને વિવિધ ચાલતા નવા પ્રોજેકટની મુલાકાત લેતા ગુજરાત સરકારના કૃષિ અને પશુપાલન મંત્રી રાઘવજીભાઈ પટેલ,વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા, સાંસદ નારણભાઈ કાછડીયા,જિલ્લા ભાજપ પ્રમુખ રાજેશભાઈ કાબરીયા, જિલ્લા પંચાયત પ્રમુખ ભરતભાઈ સુતરીયા, પ્રવિણભાઈ માંગરોળીયા, તાલુકા ભાજપ પ્રમુખ ધનશ્યામભાઈ ત્રાપસિયા, અને દુધ સંધના ડિરેકટરશ્રી ચંદુભાઈ રામાણી, રામજીભાઈ કાપડીયા, કમલેશભાઈ સંધાણી, વગેરે મહાનુભાવો તથા સંધના જનરલ મેનેજર અને સ્ટાફ ગણ ઉપસ્થિત રહયાં હતા. આ તકે સંધના ચેરમેન અશ્વિન સાવલીયાએ સંધમાં કાર્યરત સેન્ટ્રલ ઓફ એકસલન્સઈ.ટી.આઈ.વી.એફ. પ્રાજેકટ વિશે વિસ્તાર થી માહિતગાર કરેલ કે આ પ્રાજેકટથી આવનાર દિવસોમાં ગીર ગાયની ઉતમ નસ્લની વાછરડીઓ ટુંક સમયમાં જન્મ લેશે વધુમાં સંધ ખાતે ખેડુત પશુપાલકો માટે મૂલ્યવર્ધક નવા એગ્રો અને ફુડ પ્રોસેસિંગ પ્લાન્ટ, નાઈટ્રોજન સ્ટોરેજ પ્લાન્ટ અને ગ્રેઈન સાયલો સ્થાપવા અંગે ચર્ચા કરવામાં આવેલ હતી. જે અમર ડેરીની અખબારી યાદીમાં જણાવેલ છે.

## વિચરતા સમુદાય સમર્થન મંચ સંસ્થા દ્વારા માવતરોને રાશનકીટ મીઠાઈ વિતરણ




અમરેલી, તા.૯

વિચરતા સમુદાય સમર્થન મંચ સંસ્થા દ્વારા ૨૫ વૃદ્ધ માવતરોને રાશનકીટ મીઠાઈ વિતરણ કરવામાં આવી હતી.અમરેલી જિલ્લાના બગસરા, સાપર, કુંકાવાવ, કોલડા, નાના માચિયાળા ગામમાં રહેતા દેવીપૂજક, સરાણીયા, લુહારિયા, મુસ્લિમ, દલિત, બાબર, વગેરે સમુદાયના વૃદ્ધ, અશક્ત, નિરાધાર અને ગંભીર રીતે બીમાર લોકો કે જે પોતે કામ નથી કરી શકતા તેવા ૨૫ અશક્ત પરિવારોને આ અવસ્થામાં તહેવારોમાં કોઈની લાચારીના ભોગવવી પડે તેમજ ઓશિયાળી જિંદગીના જીવવી પડેતે માટે વિચરતા સમુદાય સમર્થન મંચ સંસ્થાના અમરેલી જિલ્લાના સંયોજક રમેશભાઈ મકવાણા દ્વારા મિત્તલબેન પટેલ તેમજ ડિમ્પલબેનના માર્ગદર્શન હેઠળ નવેમ્બર માસની રાશનકીટ સાથે દિવાળીના તહેવાર નિમિત્તે મીઠાઈનું વિતરણ કરવામાં આવ્યું હતું.દરેક પરિવારોએ ખુશીની લાગણી વ્યક્ત કરી હૃદયથી આશીર્વાદ આપ્યા હતા. આ પરિવારોને વિચરતા સમુદાય સમર્થન મંચ સંસ્થા દ્વારા દર માસે મફત રાશનકીટ આપવામાં આવે છે તેવું રમેશભાઈ મકવાણાએ જણાવ્યું હતું.

### જિલ્લાના પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ માટે

## બાબરા તાલુકાનાં વાંકિયા ખાતેનાં ફાયરિંગ બટમાં તા. 30 નવેમ્બરમાં સુધી ફાયરિંગ પ્રેક્ટિસ થશે

### રાહદારીઓની અવર–જવર માટે પ્રવેશબંધી

અમરેલી, તા. ૯

બાબરા તાલુકાના વાંકિયા ખાતેની સરકારી જમીનને ફાયરિંગ બટ ખાતે મુકરર કરવામાં આવી છે. આગામી તા.૩૦ નવેમ્બર–૨૦૨૩ સુધી જિલ્લાનાં પોલીસ અધિકારીઓ – કર્મચારીઓને બાકી રહેલી વાર્ષિક ફાયરિંગ પ્રેકિટસ ત્યાં થશે. આ ફાયરિંગ બટ તથા આજુ બાજુનાં ૧૦૦ મીટરનાં વિસ્તારમાં ફાયરિંગ પ્રેકિટસના સમયગાળા દરમિયાન તકેદારીના ભાગરૂપે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા ગુજરાત પોલીસ એકટ–૧૯૫૧ ની કલમ–૩૩(૧) હેઠળ જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે. તાર ફેન્સિંગ કરી તેની બાહ્ય સીમા નકકી કરવામાં આવી છે. તેની ચારે તરફની બાહ્ય સીમાથી ૧૦૦ મીટરનાં અંતર સુધી તમામ રાહદારીઓને અવર–જવર માટે પ્રવેશબંધી ફરમાવવામાં આવી છે. ફરજ પરનાં સરકારી અધિકારી – કર્મચારીઓને આ હુકમ લાગુ પડશે નહિ. હુકમનો ભંગ કરનાર સામે સને–૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ–૧૩૧ માં દર્શાવવામાં આવેલી શિક્ષાપાત્ર ઠરશે.

### મોટીવેશનલ સ્પીકર આનંદ મહેતાના અધ્યક્ષ સ્થાને

## અમરેલીની રૂપાયતન સંસ્થાનાં શિક્ષકો માટે ''મસ્તી કી પાઠશાલા'' શિર્ષક હેઠળ સેમિનાર યોજાયો

### ભાર વગર ભણતર કેવી રીતે આપી શકાય તેનું વર્ણન કર્યું

અમરેલી, તા.૦૯

સ્વામી વિવેકાનંદ વિદ્યાભારતી ટ્રસ્ટ, રૂપાયતન અમરેલી સંચાલિત દીપક હાઈસ્કુલ, પી.એન.વોરા વિદ્યાનિકેતન પ્રાથમિક શાળા,.એન.ડી.સંઘવી રૂપાયતન પ્રાથમિક શાળા, ડી.કે. કામદાર રૂપાયતન પ્રાથમિક શાળા વગેરે તમામ સંસ્થાના, તમામ કર્મચારીઓ માટે રૂપાયતન પ્રેરણાપર્વઅંતગર્ત ભારતના ગણમાન્ય ફેસીલીટીવ ટ્રેનર અને મોટીવેશનલ સ્પીકર એવા આનંદભાઈ મહેતાનો એક દિવસનો તાલીમ સેમીનાર ધારી પાસેના રિસોર્ટ ખાતે યોજાઈ ગયો.

મસ્તી કી પાઠશાલા ના આ સેમિનારની આકર્ષક બાબત એ હતી કે નવી શિક્ષણનિનિના સંદર્ભમાં પ્રવૃતિ લક્ષી શિક્ષણને કેન્દ્રસ્થાને રાખીનેખરા અર્થમાં ગમ્મત સાથે જ્ઞાન અને ભાર વગરનું ભણતર કેમ આપી શકાય તે પોતાના વિશાળ અનુભવથી આનંદભાઈ એ હસતા,રમતા,મળ તા, ભળતા,સૌને આત્મસાત કરાવ્યું. પટાવાળાથી માંડી આચાર્યો, શિક્ષકો,કલાર્કગણ,ટ્રસ્ટીઓ સહુ કોઈએ સાથે મળી ટ્રેનિંગ માટેની તમામ રમતોનો આનંદ ઉઠાવી, વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે એક નવો જ દ્રષ્કિોણ, એક નવી જ ઉર્જા પ્રાપ્ત કરી. સાથો સાથ એવો વિશ્વાસ કેળવ્યો કે આ અનુભવથી આપણે આપણા વિદ્યાર્થીઓને વધારેમાં વધારે ઉર્જાવાન અને આત્મસભર બનાવી શકીશું તથા તેમના સર્વાંગી વિકાસમાં હરણફાળ માંડી શકીશુ. સમગ્ર સેમિનારના સ્વપ્નદ્રષ્ટા ટ્રસ્ટી ભારતીબેન મહેતાએ અમરેલી જેવા નાનકડા શહેરમાં પણ મોટા ઔદ્યોગિક જુથને ટ્રેનિંગ આપનાર આનંદભાઈ મહેતાનો વર્કશોપ ગોઠવી આપેલ. મેનેજિંગ ટ્રસ્ટી રવજીભાઈ કાચાના માર્ગદર્શન હેઠળ ટ્રસ્ટીઓ રજનીભાઈ મહેતા, ધમિષ્ઠાબેન મહેતા, કમલેશભાઈ જોષી,આચાર્ય ડો.અમિતભાઈ ઉપાધ્યાય, ભારતીબેન ગોહિલ, સલીમભાઈ કુરેશી, અશરફભાઈ પરમાર, હર્ષાબેન કાતરિયા વગેરે મિત્રોએ સમગ્ર સેમિનાર ને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવેલ.એમ આચાર્યડો.અમિતભાઈ ઉપાધ્યાય નીયાદી જણાવે છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

### અમુલ કંપનીની એજન્સી આપવાનાં નામે

## ઉના પાલિકાનાં કારોબારી ચેરમેન સાથે કૌટુંબિક ભત્રીજા અને મિત્રએ છેતરપીંડી કરી

### રૂપિયા ૭ લાખની રકમ ઓળવી ગયાની ફરિયાદ નોંધાઈ

ઉના, તા.૯

ઉનાના સાજન નગરમાં રહેતા ધીરૂભાઈ મણીલાલ છગને તેમનો જ કૌટુંબિક ભત્રીજો કરણ ભરતભાઈ છગ અને મિત્ર કેયુર રમણીકભાઈ લાખાણી રહે બંને ઉના વાળા બંને મિત્રોએ નગર પાલિકા કારોબારી ચેરમેન ધીરૂભાઈ છગને કહેલ કે અમુલ કંપનીની બ્રાન્ડની એજન્સી આપણને મળે છે તમે કહેતા હોય તો અમે બંને મિત્રો અમદાવાદ જઈ અને કંપનીની એજન્સીનું નક્કી કરી આવીએ તેમ કહી અમદાવાદ જવા માટે ધીરૂભાઈ છગે આ બંનેને ૧૦ હજાર રૂપિયા આપેલ હોય અને અમદાવાદથી આ બંનેએ ધીરૂભાઈને ફોન કરી વિશ્વાસમાં લઈ એજન્સીનું નક્કી થઈ ગયું છે ૭ લાખ ડિપોઝિટ રકમ ભરવી પડશે જેથી ધીરૂભાઈ છગની ભાગીદારી પેઢીમાંથી ૬ લાખ અને ૧ લાખ રોકડ મળી કુલ ૭ લાખ જેટલી રકમ આંગડિયા પેઢી દ્વારા અમદાવાદ મોકલી આપેલ હોય અને ત્યાર બાદ ધીરૂભાઈ ગાંધીનગર ગયેલ હોય ત્યારે કરણને અવાર–નવાર ફોન કરતા ફોન ન લાગતા ધીરૂભાઈએ કરણના પરિવારને જાણ કરેલ હતી. ત્યારબાદ કરણનાં મિત્ર નયન જેઠવાને આ આપેલ પૈસા અંગેની જાણ થતા નયને ધીરૂભાઈ છગને જણાવેલ કે આ કરણ ભરતભાઈ છગ અને કેયુર રમણીકભાઈ લાખાણી રહે. બંને ઉના વાળાઓ અમદાવાદની હોટેલમાં રોકાયેલ હતા અને આ ૮ લાખ રૂપિયા જેટલી રકમ પોતાનાં અંગત ખર્ચ માટે વાપરી નાખેલ હોય જેથી ધીરૂભાઈ છગે આ બંને મિત્રોના પરિવારને જાણ કરતા પરિવારે પૈસા પરત આપવાનું જણાવતા કરણ અને કેયુરે પૈસા પરત આપેલ ન હોય અને ધીરૂભાઈ છગનાં ઘરે આ બંને વ્યકિતઓ જઈ કહેલ કે આ પૈસા માંગશો તો જાનથી મારી નાખીશ એવી ધમકી આપી અમુલ કંપનીની એજન્સી આપવાનું કહી ૭ લાખની છેતરપીંડી કરતા ઉના પોલીસે છેતરપિંડી જાનથી મારી નાખવાની સહિતની કલમો હેઠળ ગુન્હો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

### પ્રધાનમંત્રીના ''વોકલ ફોર લોકલ''થી પ્રભાવિત થઇને

## અમરેલીના ઇન્દિરા શો.સેન્ટરના વેપારીઓ રવિવારે રાત્રિના ૯ થી ૧૨ દિવાળીની ઉજવણી કરશે


### દરેક વેપારીઓને ઉજવણીમાં જોડાવવા હાંકલ કરાઇ

અમરેલી, તા. ૯


દેશના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ "વોકલ ફોર લોકલ"ના સૂત્રને સાર્થક કરવા આહ્વાન કરતા અમરેલીના ઈન્દિરા શો.સેન્ટરના વેપારીઓ પ્રભાવિત બન્યા છે અને જે અંતર્ગત દિવાળીના દિવસે એટલે કે રવિવારે રાત્રિના ૯ થી ૧૨ સુધી દિપોત્સવની ભવ્ય ઉજવણી કરશે. આ ઉજવણીમાં દરેક વેપારીઓને જોડાવવા માટે પ્રમુખ યોગેશ કોટેચા, ચતુરભાઈ અકબરી, હરેશભાઈ સાદરાણી, ગીરીશભાઈ ભટ્ટ, મુકુંદભાઈ ગઢીયા, લલિતભાઈ વણજારા, હરેશભાઈ ટાંક, કાળુભાઈ રાજા, રાજભાઈ જાની, નીતિનભાઈ રાજપરા, મિતેશભાઈ ગુંદરણીયા સહિતના વેપારીઓએ અનુરોધ કર્યો છે.

# ચલાલામાં ગાયત્રી પરિવાર દ્વારા ૨૬૦મો નેત્રયજ્ઞ, દંતયજ્ઞ તથા સર્વરોગ કેમ્પ યોજાયો










ચલાલામા ગાયત્રી પરિવાર દ્વારા ૨૬૦ મો નેત્રયજ્ઞ,દંતયજ્ઞ, તથા સર્વરોગ કેમ્પ યોજાયો,જેમાં શ્રી રણછોડદાસજી બાપુ,ચેરીટેબલ હોસ્પિટલ, જીલ્લા–અંધત્વ, નિવારણ સમિતિ અમરેલી, નિયામક આયુષ–ગાંધીનગર તથા આયુવેદ શાખા જિલ્લા પંચાયત –અમરેલી તથા આયુર્વેદ દવાખાનું મોરંગી તથા સરકારી હોમીયોપેથીક દવાખાનું– જાળીયાના સંયુકત ઉપક્રમે યોજાનાર આ કેમ્પમાં નિષ્ણાંત ડોકટરોની ટીમે સેવા આપી હતી. આ કેમ્પનો શુભારંભ મંગલદિપના પ્રાગટયથી થયો હતો. આ પ્રસંગે સંસ્થાના વડા પુ. રતિદાદા તથા ડોકટરઓ દ્વારા દિપ પ્રાગટય કરવામાં આવ્યું હતું. રતિદાદાએ બધાને સારૂ થઈ જાય પછી બીજાનું ભલુ કરવુ તેવી ભગવાનને પ્રાર્થના કરી હતી. સાથે વ્યસનમુકત રહેવુ. સત્યનું પાલન કરવું અને બધા સાથે હળી – મળીને રહેવું. ડો.મીરાબેન, ડો. રાજભાઈ–સરોજબેન મહેન્દ્રસિંહ, હરોન રીવા જાડેજા પરિવાર મીરાના ૪૦ બર્થડે યુ.કે ના આર્થિક સહયોગ થી રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ – રાજકોટ અને જીલ્લા અંધત્વ નિવારણ સમિતિ અમરેલીના સહયોગ થી આ નેત્રયજ્ઞ માં આંખ નાં દર્દીઓની ચકાસણી કરવામાં આવી હતી. જે પૈકી ૨૧ દર્દીઓને રણછોડોદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ ખાતે લઈ જઈ અને ફેકોમશીન દ્વારા ઓપરેશન કરી નેત્રમણી પણ વિનામૂલ્યે બેસાડવામાં આવી હતી. દંતયજ્ઞમાં ડો.અવનીબેન દ્વારા અનેક દર્દીઓને દાંત કાઢી ચાંદી પણ વિનામૂલ્યે પુરી પાડવામાં આવી હતી. આર્યુવેદીક કેમ્પમાં ડો આરતીબેન અને પ્રકાશભાઈ એ બધા દર્દીઓને તપાસ કરી દવા પણ વિનામૂલ્યે આપવામાં આવી હતી. દિકરીઓ માટે હરિબા મહિલા આર્ટસ, કોમર્સ, બી.સી.એ. અને સ્પોર્ટસ કોલેજ ચાલુ છે. જેનુ પ્રવેશ કાર્યશરૂ છે. આ કાર્યક્રમને સફળ બનાવવા મહેશભાઈ, મંજુબા તથા શિતલબેન વગેરેએ ખુબ જહેમત ઉઠાવી હતી.




## ભાજપ કિસાન મોરચાનાં પ્રદેશ મહામંત્રી હિરેન હિરપરાનનું પરીક્ષણ

# અમરેલી જિલ્લામાં બંદર, પ્રવાસન અને ખેતી આધારિત ઉધોગોની વિશાળ તક

**જિલ્લામાં ઓઈલમીલ, પિનટ બટર, આટામિલ, મેંગોપ્રોસેસીંગ યુનિટ જેવા ઉધોગો માટે સારી તકો રહેલી છે**

**સાવરકુંડલા અને ધારી ખાતે ખેતીવાડીનાં ઓજારો, યંત્રોનું પણ ઉત્પાદન કરી શકાય તેમ છે**

**ટુરિઝમ સર્કિટનાં વિકાસ માટે ફોરટ્રેક માર્ગ બનાવવો જરૂરી છે**

**વિકટર, ચાંચ અને ધારા બંદરનો વિકાસ થાય તો રોજગારીની નવી તકો ઉભી થશે**





પ્રતિકાત્મક તસ્વીર



અમરેલી, તા. ૯

આજે દેશ ઔધોગિક અને ટેકનોલોજી ક્રાંતિ તરફ આગળ વધી રહ્યો છે ત્યારે ગુજરાત રાજયના ખેતી આધારીત અમરેલી જિલ્લામાં રોજગારીની તકો અલ્પ પ્રમાણમાં હોવાથી લોકો જિલ્લામાંથી સ્થળાંતર કરી રહયા છે, ત્યારે વાઈબ્રન્ટ ગુજરાત અંતર્ગત અથવા ભારત સરકાર, ગુજરાત સરકારના પ્રોત્સાહનથી ઉધોગકારો અમરેલી જિલ્લામાં ઉધોગ સ્થાપે તે જરૂરી છે. આ માટે પ્રધાનમંત્રી, મુખ્યમંત્રી અને મંત્રીઓને અમરેલી જિલ્લાના ભા.જ.પ. ના પૂર્વ પ્રમુખ અને ગુજરાત ભા.જ.પ. કિસાન મોરચાના પ્રદેશ મહામંત્રી હિરેન હિરપરાએ રજુઆત કરી છે. રાજય સરકાર અને કેન્દ્ર સરકારના પ્રયત્ન થી અમરેલી જિલ્લામાં રોડ રસ્તા અને પ્રાથમિક સુવિધાઓના કામો પ્રગતિમાં થઈ રહયા છે. ત્યારે ઉધોગિક રીતે જિલ્લાના વિકાસ માટે સરકાર યોગ્ય પોલિસી બનાવે તેવી માંગ કરી છે.

**એગ્રીકલ્ચર ક્ષેત્રે વિકાસની તકો :–**

અમરેલી જિલ્લો ખેતી આધારીત જિલ્લો છે. મગફળી, કપાસ, ઘંઉ મુખ્ય પાકો છે. બાગાયતમાં કેસર કેરી અને અન્ય ફળ પાકોનું પણ સારુ ઉત્પાદન છે. આજુબાજુના જિલ્લાઓમાં પણ મુખ્ય પાકો ઉપર મુજબના છે.

એગ્રીબેઈઝ ઈન્ડસ્ટ્રીઝમાં ફુડ પ્રોસેસીંગ, ઓઈલમીલ, પિનટ બટર બિઝનેસ, અથાણા બિઝનેસ, આટા મિલો, મેગોપ્રોસેસીંગ યુનીટો, જીનીંગ એન્ડ વીવીંગ પ્રકારના ઉધોગો માટે સારી તકો રહેલ છે, ત્યારે આવા ઉધોગોને યોગ્ય પોલિસી હેઠળ સમાવેશ કરી શકાય છે.

સાવરકુંડલા અને ધારી ખાતે ખેતીવાડીના ઓજારો, યંત્રોનું મોટાપાયે ઉત્પાદન થાય છે. જેમા રોજગારી મોટા પ્રમાણમાં મળે છે. લોખંડ ફેબ્રિકેશનના ધંધાના વિકાસ માટે સાવરકુંડલા–ધારી ખાતે જીઆઈડીસી સ્થાપી શકાય આ વ્યવસાયમાં પ્રદુષણ પણ થતુ નથી અને માનવશ્રમ મહત્વનો રહે છે. એટલે વધુ રોજગારી મળે છે. સાવરકુંડલા ખાતે મંજુર થયેલ જી.આઈ.ડી.સી. નું કામ તાત્કાલિક શરૂ કરવુ જરૂરી છે. લોખંડ ઉધોગ અને કાંટા ઉધોગ માટે આ જી.આઈ.ડી.સી. આશિવૉદ રૂપ સાબિત થશે.

અમરેલી ખાતે વર્ષો પહેલા જીઆઈડીસ બનેલ છે. જયારે અમરેલી એપીએમસી ખાતે આજુ–બાજુના જિલ્લાઓની ખેત જણસ પણ આવે છે. સીંગદાણા, ઓઈલમીલ, જીનીંગ, મરી–મસાલા પ્રોસેસીંગ, કોલ્ડ સ્ટોરેજ, ડ્રી–હાઈડ્રેશન પ્લાન્ટ વગેરેની સારી

અનુસંધાન પાના ૬ ઉપર













**શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ**
**ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ અમરેલી**
**સાવરકુંડલા રોડ – અમરેલી**

અમરેલી જિલ્લામાં ઉત્તરોત્તર મરચાના વાવેતરમાં ઘણો વધારો થયેલ છે જે મરચાના વેચાણ માટે જિલ્લામાં કોઈ માર્કેટયાર્ડમાં ખરીદ-વેચાણ થતું ન હોય, ખેડૂતોને દુર સુધી ગોંડલ કે રાજકોટ વેચાણઅર્થે જવું પડે છે. જે અંગે ખેડૂતભાઈઓ તથા વેપારીભાઈઓ દ્વારા સંસ્થાને અવાર-નવાર મળતી રજુઆતોને ધ્યાને લઈને શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, અમરેલીના સાવરકુંડલા રોડ ઉપર આવેલ મુખ્યયાર્ડમાં **લાભપાંચમ તા. ૧૮-૧૧-૨૦૨૩ ને શનીવાર થી લાલ સુકા મરચાની હરરાજી** કરવાનો પ્રારંભ કરવામાં આવશે.

જે ધ્યાને લઈ લાલ મરચાનું વાવેતર કરતા તમામ ખેડૂતભાઈઓને અમરેલી માર્કેટયાર્ડમાં લાલ સુકા મરચા વેચાણ કરવા માટે **લાભપાંચમ થી** લાવવા જણાવવામાં આવે છે.

તેમજ મરચાના ખરીદ-વેચાણ કરવા ઈચ્છતા વેપારીભાઈઓ, કમીશન એજન્ટ ભાઈઓને આથી જણાવવામાં આવે છે કે, જેઓ લાયસન્સ ધરાવતા ન હોય, તેઓએ લાયસન્સ મેળવવા માટે મુખ્યયાર્ડની ઓફિસમાં લાયસન્સ માટે અરજીફોર્મ તથા જરૂરી આધાર પુરાવા રજુ કરી લાયસન્સ મેળવી લેવા અનુરોધ કરવામાં આવે છે.

**તા.ક. :- લાયસન્સ મેળવવા માટે, પાસપોર્ટ સાઈઝના બે ફોટોગ્રાફ (કલર), આધારકાર્ડની ઝેરોક્ષ, ધંધાનું સ્થળ-સરનામુ (વ્યવસાય વેરાનું નોંધણી પ્રમાણપત્રની ઝેરોક્ષ), વ્યકિત/પેઢીના પાનકાર્ડ, બેંકના સ્ટેટમેન્ટ નકલ સાથે અરજી કરવાની રહેશે અન્યથા આવી લાયસન્સ અરજીઓ સ્વીકારવામાં આવશે નહીં. ઓફિસ :- (૦૨૭૯૨) ૨૯૫૫૫૫/૨૩૪૦૪૪**

| તુષાર હપાણી | સુરેશભાઈ રોકડ | શૈલેષભાઈ સંઘાણી |
|---|---|---|
| સેક્રેટરી | વા.ચેરમેન | ચેરમેન |

**સમગ્ર બોર્ડ ઓફ ડિરેક્ટરશ્રી**

**શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ**
**ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ અમરેલી**







*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)